રાયણ

નામ

બાલસાહિત્ય

	મૂલ્ય	પોસ્ટેજ
ચણીબોર (બાલકવિતાઓ)	૦-૪-૦	૦-૧-૬
ચણીબોર સંબંધે શિક્ષકો સાથે વાતચિત	શિક્ષકોને મફત	
ચાલણગાડી-નાની (બાળપોથી)	૦-૧-૩	૦-૦-૬
ચાલણગાડી-મોટી ,,	૦-૩-૦	૦-૦-૬
ચાલણગાડીના શિક્ષકોને	૦-૧-૦	૦-૦-૬

રાયણ

[નવ દસ વર્ષનાં બાળકો સારૂ]

સંગ્રહ કરનાર

જુગતરામ ચીમનલાલ દવે

રાષ્ટ્રીય વિદ્યામન્દિરઃ સત્યાગ્રહાશ્રમ

સાબરમતી

પ્રકાશક

ગૂજરાત વિદ્યાપીઠ

અમદાવાદ

સંવત ૧૯૭૯

કિંમત [illegible] આના

અમદાવાદ
નવજીવન મુદ્રણાલયમાં
રામદાસ મોહનદાસ ગાંધીએ છાપ્યું
અને
ત્રિકમલાલ મનસુખરામ શાહે
ગુજરાત વિદ્યાપીઠમાંથી
પ્રકટ કર્યું.

કાકાસાહેબની પ્રસ્તાવના

રાયણનાં ફળ ખૂબ તાજાં અને મીઠાં હોય છે, પણ રાયણનું ઝાડ સો વર્ષનું જૂનું હોય છે. આ સંગ્રહની અંદરની કવિતાઓ ખૂબ મજાની છે, સ–રસ છે, મીઠી છે અને તે હમેશાં તાજી ને તાજી રહે એવી છે. વર્ષોનો વરસાદ પડ્યો તોપણ તે બગડી નથી, અને હજીયે વરસોનાં વરસ જાય તોપણ તે બગડવાની નથી. શ્રી૦ જુગતરામભાઈએ આવી સરસ રાયણો ક્યાંથી વીણીને આણી હશે ? હરેક ફળ ઉપર તેના ઝાડનું નામ આપેલું છે. વધારે રાયણ ખાવાની ઈચ્છા હોય તો તે તે ઝાડને ઓળખી લેજો. બધાં ઝાડ ગુજરાતના બગીચાનાં જ છે. કેટલાંક જૂનાં છે, અને કેટલાંક નવાં છે. પણ આ રાયણો સાચવીને ખાજો હો; બહુ ખાશો તો પોતે જ રાયણનું ઝાડ બની જશો.

સાચા રસીયા હશો તો આ રાયણોની મીઠાશ તમારા મ્હોંમાં કાયમની રહેશે.

[સત્યાગ્રહાશ્રમના રાષ્ટ્રીય વિદ્યામન્દિરના આચાર્ય શ્રી૦ દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકરને આશ્રમમાં અમે કાકાસાહેબ કહીયે છીયે. —જુગતરામ]

સાંકળીયું

નાગદમન

જળ કમળ છાંડી જાને બાળા,
સ્વામી અમારો જાગશે;
જાગશે તને મારશે,
મને બાળહત્યા લાગશે. જળ૦

કહે રે બાળક, તું મારગ ભૂલ્યો?
કે તારા વેરીએ વળાવીયો?
નિશ્ચે તારો કાળ જ ખૂટયો;
અહીંયાં તે શીદ આવીયો? જળ૦

નથી નાગણ હું મારગ ભૂલ્યો,
નથી મારા વેરીએ વળાવીયો;
મથુરાં નગરીમાં જુગટું રમતાં
નાગનું શીશ હારીયો. જળ૦

રંગે રૂડો, રૂપે પૂરો,
દિસંતો કોડીલો કોડામણો;
તારી માતાએ કેટલા જનમ્યા ?
તેમાં તું અળખામણો. જળ૦

મારી માતાએ બેઉ જનમ્યા,
તેમાં હું નટવર નાનડો;
જગાડ તારા નાગને,
મારૂં નામ કૃષ્ણ કહાનડો. જળ૦

લાખ સવાનો મારો હાર આપું,
આપું રે તુજને દોરીયો;
એટલું મારા નાગથી છાનું,
આપું તુજને ચોરીઓ. જળ૦

શું કરૂં નાગણ, હાર તારો ?
શું કરૂં તારો દોરીયો ?
શાને કાજે નાગણ, તારે
કરવી ઘરમાં ચોરીઓ ? જળ૦

ચરણુ ચાંપી, મૂછ મરડી,
નાગણે નાગ જગાવીયો;
ઉઠોને બળવંત, કોઇ
બારણે બાળક આવીયો. જળ૦

બેઉ બળીયા બાથે વળગીયા;
કૃષ્ણે કાળિનાગ નાથીયો;
સહસ્ર ફેણુા ફુંફવે, જેમ
ગગન ગાજે હાથીયો. જળ૦

નાગણુ સૌ વિલાપ કરે, જે
નાગને બહુ દુઃખ આપશે;
મથુરાં નગરીમાં લઇ જશે,
પછી નાગનું શીશ કાપશે. જળ૦

બેઉ કર જોડીને વીનવે, સ્વામી,
મુકો અમારા કંથને;
અમે અપરાધી કાંઇં ન સમજ્યાં,
ન ઓળખ્યા ભગવંતને. જળ૦

થાળ ભરીને નાગણી સર્વે,
મોતીડે શ્રીકૃષ્ણને વધાવીયો;
નરસૈંયાના નાથ પાસેથી,
નાગણે નાગ છોડાવીયો. જળ૦

કૃષ્ણ–સુદામાની ભેટ

પછી શામળીયો બોલીયા, તને સાંભરે રે ?
હા જી, નાનપણાની પેર, મને કેમ વીસરે રે ?

આપણ બે મહીના પાસે રહ્યા, તને સાંભરે રે ?
હા જી, સાંદીપની ઋષિને ઘેર, મને કેમ વીસરે રે ?

અન્નભિક્ષા માગી લાવતા, તને સાંભરે રે ?
હા જી, જમતા ત્રણે ભ્રાત, મને કેમ વીસરે રે ?
આપણ સુતા એક સાથરે, તને સાંભરે રે ?
સુખ દુઃખની કરતા વાત, મને કેમ વીસરે રે ?

પાછલી રાતના જાગતા, તને સાંભરે રે ?
હા જી, કરવા વેદની ધુન્ય, મને કેમ વીસરે રે ?
ગુરુ આપણા ગામે ગયા, તને સાંભરે રે ?
હા જી, જાચવા કોઇક પુન્ય, મને કેમ વીસરે રે ?

કામ દીધું ગોરાણીએ, તને સાંભરે રે ?
કહ્યું લેઇ આવોને કાષ્ઠ, મને કેમ વીસરે રે ?
શરીર આપણાં ઉકળ્યાં, તને સાંભરે રે ?
હા જી, માથે તપ્યો અરીષ્ટ, મને કેમ વીસરે રે

સ્કંધે કૂહાડા ધર્યા, તને સાંભરે રે ?
ઘણું દૂર ગયા રણછોડ, મને કેમ વીસરે રે ?
આપણે વાદ વધ્યા ત્રણે બાંધવા, તને સાંભરે રે ?
હા જી, ફાડયુ મોટું ખોઠ, મને કેમ વીસરે રે ?

ત્રણે ભારા બાંધ્યા દોરડે, તને સાંભરે રે ?
હા જી, આવ્યા બારે મેહ, મને કેમ વીસરે રે ?
શીતળ વાયુ વાયો ઘણો, તને સાંભરે રે ?
ટાઢે થરથર ધ્રૂજે દેહ, મને કેમ વીસરે રે ?

નદીએ પૂર આવ્યું ઘણું, તને સાંભરે રે ?
ઘન વરસ્યો મૂશળધાર, મને કેમ વીસરે રે ?
એકે દિશા સૂઝી નહિ, તને સાંભરે રે ?
થયા વીજ તણા ચમકાર, મને કેમ વીસરે રે

ગુરુજી ગોતવા નીસર્યો, તને સાંભરે રે ?
કહ્યું શીને, કીધો તેં કેર, મને કેમ વીસરે રે
આપણને હૃદયાશું ચાંપીયા, તને સાંભરે રે ?
પછી તેડીને લાવ્યા ઘેર, મને કેમ વીસરે રે

ગોરાણી ગો દહોતાં હતાં, તને સાંભરે રે ?
હતી હોણી માગ્યાની ટેવ, મને કેમ વીસરે રે
મેં નિશાળેથી કર વધારીયો, તને સાંભરે રે ?
હા જી, દીધી હોણી તતખેવ, મને કેમ વીસરે રે

જ્ઞાન થયું ગુરુપત્નીને, તને સાંભરે રે ?
તમને જાણ્યા જગદાધાર, મને કેમ વીસરે રે ?
ગુરુદક્ષિણામાં માગીયું, તને સાંભરે રે ?
હા જી, મૃત્યુ પામ્યો જે કુમાર, મને કેમ વીસરે રે

મેં સાગરમાં ઝંપાવીયું, તને સાંભરે રે ?
તમે શોધ્યાં સપ્ત પાતાળ, મને કેમ વીસરે રે
હું પંચાનન શંખ લાવીયો, તને સાંભરે રે ?
હા જી, દૈત્યનો આવ્યો કાળ, મને કેમ વીસરે રે

સંયમની પુરી હું ગયો, તને સાંભરે રે ?
પછે આવી મળ્યો જમરાય, મને કેમ વીસરે રે ?
પુત્ર ગોરાણીને આપીયો, તને સાંભરે રે ?
હા જી, પછે થયા વિદાય, મને કેમ વીસરે રે ?

આપણે તે દિનથી જુદા પડયા, તને સાંભરે રે ?
હા જી, ફરીને મળીયા આજ, મને કેમ વીસરે રે ?
હું તુજ પાસે વિદ્યા ભણ્યો, તને સાંભરે રે ?
મને મોટો કર્યો મહારાજ, મને કેમ વીસરે રે ?

વળામણું

મોસાળ પધારો રે, મોસાળ પધારો—
મોસાળ પધારો બાડુઆં રે, મારાં લાડકવાયાં બે બાળ;
નમાયાં થઈ વરતજો, સહેજો મામીની ગાળ.
મોસાળ પધારો રે.

હૃદયા ચાંપે રે, રાણી હૃદયા ચાંપે—
હૃદયા ચાંપે પેટને રે, એ છેલ્લું વહેલું લાડ;
હવે મળવાં દોહ્યલાં રે, મળીયે તો પ્રભુનો પાડ.
મોસાળ પધારો રે.

થયાં માત વહોણાં રે, થયાં માત વહોણાં—
માત વહોણાં થયાં દામણાં રે, નહિ કો રૂડી સાથ;
રૂએ રાણી હૃદયાફાટે રે, કોણ માથે ફેરવશે હાથ ?
મોસાળ પધારો રે.

મંદિરના ગુરુજી રે, મંદિરના ગુરુજી—
મંદિરના ગુરુજી સુદેવજી રે, તમારે ખોળે સોંપું એ તંન;
જઈ કહેજો મારી માતને રે, જીવની પેરે કરજો જતંન.
મોસાળ પધારો રે.

પુત્રી જમાઇ રે, તમતણાં પુત્રી જમાઇ—
પુત્રી જમાઇ તમતણાં, કહેજો વનમાં પૂર્યો વાસ;
જઈ કહેજો મારા તાતને રે, એમ જોગીનો લે તપાસ.
મોસાળ પધારો રે.

ચુંબન કરતી રે, માવડી ચુંબન કરતી—
ચુંબન કરતી માવડી રે, ફરી ફરી મુખ જોય;
હૈયાં થકાં નવ ઉતરે રે, એમ કહી દમયંતી રોય.
મોસાળ પધારો રે.

ચંદા

ચંદા પેલી ચઢી આકાશ, મુજને નીરખે કરતી હાસ!
હસતી ચંદા મુજને ગમે, નદીજળે પડીને જે રમે.
ચંદા જાગે આખી રાત, દિવસે તો સંતાડે જાત;
ચંદા દિવસે ક્યાં સંતાય? દીસે તો કાં રોતી જણાય?
ચંદા પડીને તરુમાં રસે, હીંદોળા લેતી શી હશે!
પવન મીઠાં હાલેઠાં ગાય, ચંદા પછી જળમાં સુઇ જાય.
માડી! મુજને ચંદા ગમે, ધન્ય જેહ ચંદા શું રમે;
ચંદા સંગે રમવા જાઉં, એની પેઠે હીંદોળા ખાઉં!

ફરીયાદ

હે યશોદાજી !
આવડો લાડકવાયો લાલ ન કીજે.

ચાલો ત્યાં સુધી,
સુતનાં પ્રેમચરિત્ર દેખાડી દીજે. હે યશોદાજી !

વ્હાલે કૌતુક કીધું મંદિરમાં,
માખણનો પીંડો લઈ કરમાં,
બહુ માંકડાં ઘાલ્યાં ઘરમાં ! હે યશોદાજી !

વ્હાલો સુતાં બાળકનાં અંગ મોડે,
બાંધ્યાં વાછરડાં જઈ છોડે,
દધિભાંડ તે દૂર રહી ફોડે ! હે યશોદાજી !

વ્હાલો સંતાડયું શોધી કાઢે,
ઊંચેથી હેઠું ઊતારે,
ખાય ખવરાવે ને બીજું બીગાડે ! હે યશોદાજી !

પ્રીતમનો સ્વામી છે રસીયો,
મહી માખણ ખાવાને ધસીયો,
ધનભાગ્ય અમારાં—વ્રજ વસીયો. હે યશોદાજી !

ભાઇ ને બ્હેન

ભાઇ ને બ્હેન!
ઘુમો દિન રૈન,
કુળનાં ઉજાળ નાનાં નમણાં હો નેન!
હો નમણાં હો નેન!

ભાઈ ને બ્હેન!
રહો સુખ ચેન,
માબાપને દિલ વ્હાલપનાં બ્હેન!
હો વ્હાલપનાં બ્હેન!

ભાઇ ને બ્હેન!
બોલો બે વેણ,
અમીએ—ઉતારનાર દુઃખડાંનાં ઘેન?
હો દુખડાંનાં ઘેન!

ભાઇ ને બ્હેન!
દેજો દિલ દેણ,
અગલેઠગલે કહેજો અમ્માનાં કહેણ!
હો અમ્માનાં કહેણ!

ભાઇ ને બ્હેન!
લેજો એ લેણ!
ઉજળાં ઉરભાવનાં લ્હાવાનાં લેણ!
હો લ્હાવાનાં લેણ!

માનો ગુણ

હતો હું સુતો પારણે પુત્ર નાનો,
રડું છેક તો રાખતું કોણ છાનો?
મને દુઃખિ દેખી દુઃખી કોણ થાતું?
મહા હેતવાળી દયાળી જ મા તું.

સુકામાં સુવાડે ભિને પોઢિ પોતે,
પીડા પામું પંડે તજે સ્વાદ તો તે;
મને સૂખ માટે કટુ કોણ કહેતું?
મહા હેતવાળી દયાળી જ મા તું.

લઇ છાતિ સાથે બચી કોણ લેતું?
તજી તાજું ખાજું મને કોણ દેતું?
મને કોણ મૂખે મિઠાં ગીત ગાતું?
મહા હેતવાળી દયાળી જ મા તું.

પડું કે ચડું તો ખમા આણિ વાણી,
પડે પાંપણે પ્રેમનાં પૂર પાણી;
પછી કોણ પોતા તણું દૂધ પાતું?
મહા હેતવાળી દયાળી જ મા તું.

મને કોણ કહેતું પ્રભુભક્તિ મુક્તિ?
ટળે તાપ પાપે મળે જેથી મુક્તિ;
ચિતે રાખિ ચિંતા રૂડું કોણ મ્હાતું?
મહા હેતવાળી દયાળી જ મા તું.

તથા આજ તારૂં હજી હેત તેવું,
જળે માછલીનું જઠયું હેત જેવું;
ગણીતે ગણ્યાથી નથી તે ગણાતું,
મહા હેતવાળી દયાળી જ મા તું.

અરે એ બધું શું ભલું જઈશ ભૂલી,
લિધી ચાકરી આકરી જે અમૂલી;
સદા દાસ થઈ વાળિ આપીશ સારૂં,
મહા હેતવાળી દયાળી જ મા તું.

અરે દેવના દેવ આનંદદાતા,
મને ગુણ જેવો કરે મારિ માતા,
સમો વાળવા જોગ દેજે સદા તું
મહા હેતવાળી દયાળી જ મા તું.

શિખે સાંભળે એટલા છંદ આઠે,
પછી પ્રીતથી જો કરે નિત્ય પાઠે,
રિઝી દેવ રાખે સુખી સર્વ ઠામે,
રચ્યા છે રૂડા છંદ દલપત્તરામે.

હાલરડું

હાલરડું વ્હાલું રે, હો ભાઇને હાલરડું વ્હાલું;
ગીતે ઘુંમણ ઘાલું રે, ભાઇને હાલરડું વ્હાલું.

રંગીત પારણે પોઢો રસીલા, ઝાઝા હેતે ઝુલાવું;
ઝુમરી જડાવું ભાઇને પારણિએ, પુતળીઓ પધરાવું રે.
ભાઇને હાલરડું વ્હાલું.

ચીતરેલ આંચની ચકલી ચઢાવું, પારણે પોપટ પઢાવું;
ભાઇને રમવા ભલી રિતેથી, મોરલો સોને મઢાવું રે.
ભાઇને હાલરડું વ્હાલું.

હીરની દોરીએ હિંચોળું વ્હાલા, ઘેરાં ઘેરાં ગીત ગાઉં;
ઉંઘીને ઊઠશો ભાઈ લાડકડા, ઘાલીશ ગજવે ખાવું રે.
ભાઇને હાલરડું વ્હાલું.

દેશભક્તની યાચના

ઓ ભરતભૂમિના પહાડો !
    તમ શીર ઝુક્યાં આકાશ !
તમ જેવા જગમાં બીજા
    નથી ઉન્નત કોની પાસ !

છે પ્રૌઢ પ્રતાપ ,તમારો,
તમ ભવ્ય જ છે ભંડાર !
મુજ ભરતભૂમિનો જગમાં
વરતાવો જયજયકાર !

ઓ ભરતભૂમિની નદીઓ !
તમ સુંદર ચિત્ર ચરિત્ર !
તમ જેવી જગમાં બીજી
નથિ કોઇ પરમ પવિત્ર !
સુગભીરી, ધીરી, વીની,
તમ પુણ્ય કથા આ વાર !
મુજ ભરતભૂમિનો જગમાં
વરતાવો જયજયકાર !

ઓ ભરતભૂમિના પુત્રો !
મુજ દેશ તણા નરરત્ન,
જે ગયા ધ્રુજાવી ધરણી
કરિને કંઈ લાખ પ્રયત્ન !
તમ શૌર્ય અને તમ પ્રીતિ
ભરજો, વીરા, સહુ ઠાર !
નિજ ભરતભૂમિનો જગમાં
વરતાવો જયજયકાર !

સ્વદેશપ્રીતિ

ભલી ભાર્તભૂમિ વિષે રોજ રહેતો,
હશે કો બિચારો, નથી જેહ કહેતોઃ
"ભલો દેશ મારો, ભલી ભોમ મારી,
મને પ્રાણથી નિત્ય છે એ જ પ્યારી." ૧

હશે મૂર્ખ કો મારતો ભૂમિ ભારે,
નથી દેશની દાઝ જેને લગારે ?—
સદા શુષ્ક હૈયું રહે વજ્ર જેવું,
કશું કેમ જાણે નથી લેવું દેવું ?

હશે તે કદાપી બહૂ લક્ષ્મિવાળો,
વડો વૈભવી રાજવી ને રૂપાળો;
તથાપી ન તેને વિવેકી વખાણે,
ભરે પેટ તે કાગકીડા પ્રમાણે.

સ્વદેશી વડો દેશિનાં દુઃખ ટાળે,
હજારો જનોને સદા જેહ પાળે,
વળી લોકકલ્યાણમાં લાભ લેખે,
પુરા પ્રેમથી કોણ તેને ન પેખે ?

નથી વિદ્વતા વાપરી દેશદાઝે,
નથી વાપરી પાઇ જો લોક કાજે,
નથી કામ કીધાં સ્વદેશાભિમાની,
વૃથા જન્મ ખોયો, કરી શી કમાણી ?

વિદેશે વસીને ઘણો કાળ ગાળી,
સ્વદેશે ગયો જે ભલો ભાગ્યશાળી;
વિયોગી સગાં ભૂમિને ભેટિ ભાવે,
કહો કોણને હર્ષનાં આંસુ નાવે ?

જયગાન

જય જય જય! જય જય જય! બોલો સૌ ભાઇ!
ઉત્સવ ઘેર ઘેર કરો, જીત્યા છે સિપાઇ! જય૦

તોપના ધડાકા થાય, વાજે શરણાઇ,
વાજાં બીજાં અનેક; હર્ષ રહે ફેલાઇ! જય૦

મંદિરે જઇ પાઠ માનો, વેદ સ્તુતિ ગાઇ;
મહાપુજા કરાવી મુકો માનતા મનાઇ! જય૦

આબરૂ સ્વતંત્રતા બહુ જાળવી રખાઇ;
બુદ્ધિ બળ પરાક્રમ તે છે સુકર્યાં લખાઇ! જય૦

મુઆ તે નીરાંતે સુતા, જશમાં લપટાઇ!
તેનિ વાત છોડિ આજ કરો મોજ આંહીં! જય૦

ઠરાં શરબત્ત પીઓ! વહેંચી લો મિઠાઇ!
ખાન પાન ગાન કરો! રંગ રમો ચ્હાઇ! જય૦

વિપ્ર નર્મદાને આપો દેશીઓ, વધાઇ!
કવિ નર્મદાને ભેટ, કવિતા કરી ગાઇ! જય૦

વીર પુરુષ

વીર પુરુષ તે ક્યાં છે? ભાઈ,
વીર પુરુષ તે ક્યાં છે? ભાઈ૦

મદમાતા ક્ષત્રી સંહાર્યો,
પરશુરામ તે ક્યાં છે? ભાઈ૦

નિઃશંક પાપી રાક્ષસ રોળ્યા,
રામચંદ્ર તે ક્યાં છે? ભાઈ૦

કંસ શિશુપાળ મુરાદિ માર્યો,
વસુદેવસુત તે ક્યાં છે? ભાઈ૦

કપટી બળીયા કૌરવ છેદ્યા,
કૃષ્ણાર્જુન ભીમ ક્યાં છે? ભાઈ૦

પરદેશી શક યવનો જીત્યા,
નૃપ વિક્રમ તે ક્યાં છે? ભાઈ૦

છે તે સંધા અહીં, પણ કહે છે,—
સંપ જ જનમાં ક્યાં છે? ભાઈ૦

સંપ શૌર્ય જ્યાં જનમાં સ્ફોરે,
વીર પુરુષ તો ત્યાં છે? ભાઈ૦

થઈ મરણીયાં ધસવું

થઈ મરણીયાં ધસવું, ભાઈ, થઇ મરણીયાં ધસવું !
નહિ જાળમાં ફસવું, ભાઈ, થઇ મરણીયાં ધસવું ! ભાઇ૦

આમે મરવું, તેમે મરવું, મરવું બન્ને પાસે;
થઇ મરણીયાં ધસી જતાંમાં, રે વેગાએ બચવું. ભાઇ૦

આમે મરવું, તેમે મરવું, કાં ના લડતાં મરવું ?
છતે જોર ને છતે ઉપાયે કાં કેદીઆં ખપવું ? ભાઈ૦

અપઠાયા કે ગભરાવું નહિ, ધીરા ઝટ થઈ જાવું;
ગ્રની કરતાં છાતિ હિંમતે, જોર હોય તો કસવું. ભાઇ૦

જણ્યા ગણ્યાને કામ લગાડી, લાગ ફાવતો જોઈ,
નર્મદ ઇશ્વર નામ લઇને, કુદી પડીને હસવું ! ભાઈ૦

કુંભકર્ણ

જાગો ભાઇ ભીડ પડી છે, કરે વિનંતિ રાવણરાય;
નર વાનરે લંકા ઘેરી, તુને નિદ્રા ક્યમ સોહાય? જાગો૦

સાત સેવક તેડાવ્યા રાયે, કહ્યું જગાડો કુંભકર્ણ;
લક્ષ જોધા વળગી ઢંઢોળે, જાણે શું પામ્યો મર્ણ. જાગો૦

જળ છાંટે નવ જાગે જોદ્ધો, તાપણાં કીધાં ચો ફેર;
હૃદે ઉપર શીલાપટ મૂક્યાં, કાનમાં ફુંકે મદનભેર! જાગો૦

કપાળી ઊપર દુંદુભી વાજે, શરણાઇ નફેરી ઢોલ;
કો મેઘસ્વરે સાદ કરે, પણ રાણો ન આપે બોલ. જાગો૦

સૂંઠ મરી નાસિકામાં ફુંક્યાં, અજા ચલાવ્યાં નાસા માંય;
પાછો શ્વાસ મૂકે નિદ્રા માંહે, અજા મીંઢ ઉપડયાં જાય! જાગો૦

રુદયા ઉપર અશ્વ દોડાવ્યા, વઢાડયા મહીષ માતંગ;
કુંભકર્ણ સૂતો નવ જાગે, સાણુએ ત્રોડાવ્યું અંગ. જાગો૦

નાના ઔષધ અંજન કીધાં, પછાડયો ઉચલી વાર બે ચાર;
પણ અઘોરીની ઊંઘ ન ઊડે, કીધા ઘુંટણીઓના પ્રહાર! જાગો૦

વળી નાસિકા માંહે સર્પ ચલાવ્યા, વાયુ બંધાવ્યો લંકરાય;
કપોળ માંહે સર્પ અકળાયા, તે શ્રવણ માર્ગે નિસરી જાય. જાગો૦

વાજ આવ્યો રાવણ રાજા, ન લાગ્યો એકે ઉપાય;
કુંભકર્ણની રાણી આવી, રાયને લાગી પાય. જાગો૦

કષ્ટ દીધે મારો કંથ ન જાગે, એને વ્હાલા શંકર ભગવાન;
જાગશે સ્વામી મુહૂર્ત માત્રમાં, યુક્તે કરાવો સંગીતગાન. જાગો૦

ભક્ષ ભોજન કરાવી રાખો, નહિં તો કરશે સૌનો આહાર;
રાવણે મદ્ય માંસ અણાવ્યાં, અન્ન તણો કીધો અંબાર. જાગો૦

અપ્સરા પાસે નૃત્ય કરાવે, ગાન તાન વાજે વાજિંત્ર;
કુંભકર્ણ ડોલ્યો જેમ મણિધર, સાંભળતાં ગોવિંદચરિત્ર. જાગો૦

ઉઠીને સર્વે અન્ન આરોગ્યાં, પૂછયો પછે સમાચાર;
મુને કાચી નિદ્રાએ કેમ જગાડયો? શા વાનરના થાય હોકાર? જાગો૦

રાવણે વાત કહી વિસ્તારી, જે રીતે દુભવ્યા શ્રીરામ;
અગત્યના કામ માટે ઉઠાડયો, તું વિના કોણ કરે સંગ્રામ? જાગો૦

કોયલ બ્હેનાં!

મીઠી કોયલડી મધુ બોલ રે! મારી કોયલ બ્હેનાં!
તારા કિલકિલિયા કલ્લોલ રે! મારી કોયલ બ્હેનાં!
તારા અન્તરમાં આનન્દ રે! મારી કોયલ બ્હેનાં!
તારા ઉર છલકાતા છંદ રે! મારી કોયલ બ્હેનાં!
ઝીણા ઝીણા ઉડે નભ મેઘ રે! મારી કોયલ બ્હેનાં!
તેવા તારી પાંખોના વેગ રે! મારી કોયલ બ્હેનાં!
મીઠી ઘંટડી વાગે દૂર રે! મારી કોયલ બ્હેનાં!
તેવા લાગે સરતા તુજ સૂર રે! મારી કોયલ બ્હેનાં!

સવારનું વર્ણન

જાગ મુજ વ્હાલા બાળ, પંખી વન બોલે. ટેક.

વાણું વાયું વીતિ રાત, પૂર્વે થયો ઝગઝગાટ;
રંગ દીસે ભાતભાત, ઝાડ પાન ડોલે.—જાગ૦

કુકરેકૂક કૂકડા, કા કા કરે કાગડા;
મેના પોપટ ફૂટડા, મોર મધુર બોલે.—જાગ૦

ચંદ્રતેજ ફીકું પડયું, તારાતેજ ઊડિ ગયું;
ચોર મોઢું કાળું થયું, ખૂણાખાંચા ખોળે.—જાગ૦

ભક્તજનો ધરે ધ્યાન, ગવૈયાઓ કરે ગાન;
દાતા દીયે રૂડું દાન, મુલ્લાં બાંગ બોલે.—જાગ૦

સુરજ તણો ઉદય થયો, રાતનો અંધકાર ગયો;
ભ્રમર ગુંગું કરી રહ્યો, કમળપત્ર ખોલે.—જાગ૦

તડકો જેમ વધતો જાય, માણસો ઉમંગિ થાય;
આકાશે પંખેરૂં ધાય, ઢોર ચારો ખોળે.—જાગ૦

ઝાડ વેલિ ફૂળ ને ફૂલ, ધીમે ખીલે નાહિ ભૂલ;
ખાવા જાય તાજાં તૃણ, પક્ષિ બહુ ટોળે.—જાગ૦

ઊઠ વીરા મગન થઈ, પ્રભુ કેરૂં નામ લઈ;
વાંચ પાઠ ધ્યાન દઈ, એમ માત બોલે.—જાગ૦

એક પ્રવાસ

પાણીનાં ટીપાં કંઇ નાનાં રહેતાં સાગર ઘેર,
એક વખત ફરવા હરવાને ધાર્યું મન શુભ પેર.

વાદળની ગાડી ત્યાં કીધી, પવને હાંકી પૂર,
જંગલ ગામ ઉપર થઇ ચાલ્યાં, ફરતાં હરતાં દૂર.

પણ તેઓ તો હતાં ઘણાં, ઓ! ગાડી ભાગી એમ,
ને ગભરાઇ બિચારાં નીચે તુટી પડયાં ત્યાં તેમ!

પછી લીલ ને ઘાસ વિષે તો, ભટક્યાં તે બહુ પેર,
ને છેવટ નદિ એક લઇ ગઈ તે સહુને ફરિ ઘેર!

ખેડુત

રે ખેડુત, તું ખરે જગતનો તાત ગણાયો;
આ સઘળો સંસાર પાળતો તું જ જણાયો.
કપાસ ફૂળ પુલ ઘાસ, ધાન્યને તું નિપજાવે;
અન્ન ખાય સહુ જીવ, ઘરે જન વસ્રો ભાવે.

સહે તાપ વરસાદ, વળી બહુ મ્હેનત કરતો;
રહે શરીરે લઠ્ઠ, સદા સંતોષે ફરતો.
ઉત્તમ ખેતી ખરે, વળી તે પર-ઉપકારી;
ખરી ખંતથી દીએ જગતને શિખ તું સારી.

મધમાખી

મધમાખી, તું મ્હેનતુ, હુન્નર વળી નિશાળ;
મનહર મધપૂડો રચે, રસ મૂકે તત્કાળ.
મધ મીઠું ચૂસી લઈ, મીણ કરે તૈયાર;
સરે કામ તેથી ઘણાં, ગુણ તે કરે અપાર.

નાનું સરખું જીવડું, મોટું કરતું કામ;
ડાહી ને ચોખ્ખી દિસે, આળસ તજે તમામ.
કીડી અને કરોળીયા, મંકોડા કહેવાય;
ઉદ્યોગી જે જીવડાં, તેમાં તું પંકાય.

[illegible]]

બળદ

વાત કહું તે સુણજો વ્હાલે,
  ધ્યાન ધરીને મારી;
અરે બાપડા બળદતણી આ
  સેવા જુઓ વિચારી.

બળદ કહે કે ગૌ માતાએ
  જન્મ મને આ દીધો;
બેટા, ધણીની સેવા કરજે,
  હૂકમ એવો કીધો.

પેટ ભરીને દુધ નહિ પીધું,
  લીધું તે પણ કાઢી;
ઘાસ અને ચારો ખાઈ હું
  ખુંદતો ખેતર વાડી.

પાંચ વરસનો થયો હું ત્યારે
નાક વીંધિ મુજ નાંખ્યું,
નાથ જુઓ, આ ઘાલી મુજને,
સંકટ મેં બહુ સાંખ્યું !

ગાડીએ મુજને જોતરીયો,
બરડે ફટકા ભાગે;
ધમ ધમ કરતી ગાડી ચાલે,
ઘમ ઘમ ઘુઘરા વાગે !

શોભે છે કેવાં મુજ શિંગડાં !
જુઓ, તમારે છે કે ?
પાછળ કેવું સુંદર પુછડું
વળતું લટકે લ્હેકે !

ખેડુતનું બળ હુંથી જાણું,
મુજ બળથી હળ હાંકે;
વ્યવહાર જ મારાથી ચાલે,
ધણીનો પૈસો પાકે.

એવી ધણીની સેવા કરતો
રહું છું રૂડી રીતે;
દયા ધરીને પ્રીતે એ સૌ
યાદ કરો શુભ ચીતે.

ઇશ્વરસ્તુતિ

અહો દેવના દેવ હે વિશ્વસ્વામી,
કરૂં હું સ્તુતી આપની શીશ નામી;
દયાળૂ પ્રભુ, આપદાથી ઉગારો,
દિનાનાથ, તુ એક આધાર મારો.

પ્રભૂ, આપ છો સર્વને પાળનારા,
તમે છો સદા સર્વને ટાળનારા;
કિધા છે કરોડો તમે ઊપકારો,
દિનાનાથ તું એક આધાર મારો.

હું છૂં રાંકનો રાંક અજ્ઞાન પ્રાણી,
ન મારી કશી વાત તૂંથી અજાણી;
કરો હે દયાળુ, ક્ષમા વાંક મારો,
દિનાનાથ તું એક આધાર મારો.

અમે બાળકો બોલીયે હાથ જોડી,
અમારી મતી હે પ્રભૂ છેક થોડી;
દયા લાવિને પ્રાર્થના દીલ ધારો,
દિનાનાથ તું એક આધાર મારો.

અમે ને કુટુંબી જનો જે અમારાં,
રહીયે શરીરે સુખી સર્વ સારાં;
સદા આપજો આપ સારા વિચારો,
દિનાનાથ તું એક આધાર મારો.

નથી મેં કરી આપની કાંઇ ભક્તિ,
નથી આપના ગૂણ ગાવાનિ શક્તિ;
દયા લાવિને દાસદુઃખો નિવારો,
દિનાનાથ તું એક આધાર મારો.

માબાપના ગુણ

ટગમગ પગ ટકતો નહિ, ખાઇ ન શકતો ખાજ,
ઉઠી ન શકતો આપથી, લેશ હતી નહિ લાજ.
એ અવસર આણી દયા, બાળકને માબાપ
સુખ આપે દુઃખ વેઠિને, એ ઉપકાર અમાપ.
કોય ટરે એને સમે, જે ઘડી ચે બરદાસ;
આખી ઉંમર થઈ રહે, તે નરનો નર દાસ.

સદ્‌વિદ્યા

સદ્‌વિદ્યા જ સુવર્ણ, કારણ સદ્‌વિદ્યા સત્ય;
સદ્‌વિદ્યાથી સ્વર્ગ, વીખ-ઉતારણ વિત્તે;
સદ્‌વિદ્યાથી સિદ્ધિ, ફળે વચનો વર વાણી;
સદ્‌વિદ્યાથી ઋદ્ધિ, જગતમાં સઘળે જાણી.
સદ્‌વિદ્યાને વશ સર્વ છે, સદ્‌વિદ્યા ત્યાં શી મણા?
શામળ કહે સદ્‌વિદ્યા વિના, ભટકે ગુણહીણા ઘણા.

મહેનત વિષે

રહેવા ખાવા પહેરવા, અને ઓઢવા અંગ;
મળે મહેનતમાં થકી રાતા પીળા રંગ.
ખેતીમાંથી ધાન્ય તો થોકે થોકે થાય;
અંતે જો ખેડે નહિ, ખાવાનું શું થાય?

આપણને સૌ ઈશ્વરે આપ્યા છે ઉપાય;
પણ બળતણ બાળણ વિના, શી રીતે રંધાય
તે તો તું તૈયાર કર, કાં કરિ આપે કોય?
પરે તારા અર્થનું, કાલ વખત તે હોય.

નથી લટકતાં લૂગડાં, તે ઝાડે તૈયાર;
લાવી કાંતે જો વણે, થાય સરસ શણગાર.
માટે મહેનત જો કરે, ઘેર રહી પરઘેર;
ચાકરિ કરતાં ભાખરી, પામે રૂડી પેર.

સપુત કોણ ?

સપુત તેહ કહેવાય, જે સીધે મારગ ચાલે.
સપુત તેહ કહેવાય, અધર્મને જે ટાળે.
સપુત તેહ કહેવાય, જે સ્વજનને સુખ આપે.
સપુત તેહ કહેવાય, દીનનાં દુખડાં કાપે.
વળિ સપુત તેનું નામ છે, જેણે પ્રભુને પ્રીતે અરચિયા.
શામળ કહે સપુત નરે, દામ પરમારથ ખરચિયા.
સપુત તેહ કહેવાય, વેપારથી જોડે ગર્થ;
સપુત તેહ કહેવાય, પુણ્ય કરે હરિ અર્થ.
સપુત તેહ કહેવાય, ચોરિ ચાડી નવ કરતો;
સપુત તેહ કહેવાય, અપયશથી રહે ડરતો;
સપુતને સુખ છે સ્વર્ગમાં, જોતાં સદ્ગુણ અતિ ઘણા;
શામળ કહે આ અવનિમાં, ધન્ય અવતાર તે નર તણા.

કપુત કોણ

કપુત કહેવાયે તેહ, નિજ ઉદ્યમ જે બોળે;
કપુત કહેવાયે તેહ, છિદ્ર પોતાનું ખોલે.
કપુત કહેવાયે તેહ, સ્વજનને દુઃખ જ કરતા;
કપુત કહેવાયે તેહ, પેટ પરવશ રહિ ભરતા.
કપુત એવા છે ઘણા, કહેતાં પાર પામું નહિ;
શામળ કહે કપુત પુત, કોઇને પેટ પડશો નહિ.

મોગરો ને કૌચ

મોગરાનાં બીજ જેવા માનવીના મીઠા બોલ,
કૌચ-બીજ જેવા બોલ કડવા કઢાવીયે;
મોગરાનાં બીજમાંથી કૌચ ન કદાપિ થાય,
કૌચથી ન મોગરાની આશ લેશ લાવીયે;
એકવાર આપણે વિવેકથી વિચારી જુઓ,
એવાં ઝાડ ઉગે જેવાં જેવાં બીજ વાવીયે;
પ્યાર ખાર પામવા ઉપાય હાથ આપણામાં,
દુનિયાને દોષ દલપત્ત ન ચઢાવીયે.

સર્વ સરખું નથી

સર્વ સરખું નથી ત્યાં કોય, કહું પટંતર તે તું જોય;
એક શંખ નદીમાં પડ્યો, બીજો વિષ્ણુને કર ચડ્યો.

એક છીપ શંખલા સમ તુલ્ય, બીજીમાં મોતી અણમૂલ્ય;
એક પત્થર દેવળ પૂજાય, બીજે પરિયટ શલ્યા થાય.

એક કવિ પાખંડ જ ભણે, બીજો ગુણ શ્રી હરિના ગણે;
એક મણિનું કોડે કામ, બીજા મણિનું દોકડે દામ.

એક પુત્રથી પરીયા તરે, બીજો કુળ સંહારણ કરે;
એક પુત્ર ગયા શ્રાદ્ધ જાય, બીજો કુળ ડુબાડવા જાય.

એક કણબી પસાયતું કરે, બીજો ચોરી ચાડીએ ધન હરે;
એક વિપ્ર તે ખેતી કરે, બીજો ચાર વેદ ઉચ્ચરે.

એક નદી સરોવર તીર, બીજું ગંગા કેરૂં નીર;
એક બંધુ દુર્બળ હવાલ, બીજો તે બેસે સુખપાલ.

એક કાષ્ઠ તણાં ઇંધણાં, બીજા બાવના ચંદન તણાં;
એક સૂત્ર સવાયે સેર, બીજું બેસે મોંઘું મેર.

એક તિલ ઘાણી પીલાય, બીજો શિવ શંકર પૂજાય;
એક ડાબો કર અશુદ્ધ ગણાય, બીજે જમણે ભોજન થાય.

એક અગ્નિ હુતદ્રવ્ય હોમાય, બીજો ઠામ કુઠામે જાય;
એક ધોરી તે હળને વહે, બીજો રાજદરબારે રહે.

એક જળ તે ખાળનું નીર, બીજું ગંગોદક સુચીર;
એકને પંચ પુત્ર જ હોય, બીજો વાંઝીયો સુત વિણ રોય;
એકને વહાણ તણો વેપાર, બીજો શીર ઉપાડે ભાર.

એક તો નાગરવેલનું પાન, બીજાં રખડે આડે રાન;
એક અંબરે ફૂલ શ્રીકાર, બીજું ફૂલ આવળનો હાર.

એક ઘરઘર બીખે જોડલાં, બીજો લે ઘણાં ઘોડલાં;
એકને ગામ પોતાનું જાય, બીજો પૃથ્વીપતિરાય થાય.

એક તુંબીએ જોગી ભિક્ષા ભરે, બીજો જંત્ર દરબારે ઉચ્ચરે;
એક લોઢું શેર પૈસે ઘણું, બીજું અમૂલખ સમશેર તણું.

એક વસ્તુ તે દોકડે ગજ, બીજી વસ્તુ અમૂલખ ધજ;
એક નર શૂરાતન ભણે, બીજો કાયર પોબારાં ગણે.

એક શાળ અમૂલખ પ્રમાણુ, બીજો સામો કણકી જાણુ;
એક ઓદન ભલું ભોજન, બીજું કુશકા કેરૂં અન્ન.

એક જન પરમારથ કરે, બીજો પ્રાણુ લોકોના હરે;
એક સદાવ્રત આપે શીખ, બીજો ઘરઘર માગે ભીખ.

એક ભાઇ હસ્તી પર ચઢે, બીજો અણુવાણો રડવડે;
એક શાસ્ત્ર નવ નિત્યે ભણે, બીજો ભૂલી ફરી સ્વર ભણે.

એક અનેરાં વાસે ગામ, બીજો ઉદ્ધ્વસ્ત ટાળે ઠામ;
એક રોપાવે વૃક્ષો આજ, બીજો કાપે સર્પણુ કાજ.
એક કુંજમાં મ્હાલે રોજ, બીજો રણુમાં ઉપાડે બોજ;

એવાં કહું દષ્ટાંત અનેક, જોજો મનમાં કરી વિવેક.
નામ એક પણુ ગુણુ છે ઘણા, એક રાય બી રજપુત તણા;
સૌને સરખાં ગણ્યા ન આપ, તે વાતે લાગે મહા પાપ.

ટેવ

શિક્ષા! શ્વાનની પૂંછડી સાથ સાંખી,
જુઓ જુક્તિથી જાળવી બંધ બાંધી;
કરી પાંશરી તો ફરી વાંક વાળી,
પડી ટેવ તે તો ટળે કેમ ટાળી?

અઢારે વળ્યાં ઊંટનાં અંગ વાંકાં,
કહો ઢાંકીયે તો રહે કેમ છાનાં;
સુએ ભૂતળે તો જુએ આમ ભાળી,
પડી ટેવ તે તો ટળે કેમ ટાળી?

જુઓ નાગની જાતની ટેવ જે છે,
રિઝે તો રમે ને ખિઝે તો ડસે છે;
પુરા પ્રેમથી રાખીયે ઘેર પાળી,
પડી ટેવ તે તો ટળે કેમ ટાળી?

પુરા પુષ્પના પુંજમાં હીંગ પેસે,
નહીં હીંગને પુષ્પનો પાસ બેસે;
ભલે માણસું ફૂટી મરે કોઈ માળી,
પડી ટેવ તે તો ટળે કેમ ટાળી?

ધરી દૂધમાં ને કરી સાબુ વાળા,
ધુઓ કોયલાને, જુઓ હોય કાળા;
નહીં કોઈ કાળે મટે જાત કાળી,
પડી ટેવ તે તો ટળે કેમ ટાળી?

કહો પાણિના પૂરને કોણ થોભે ?
ચડે શા વડે નેવનાં નીર ઓભે ?
રહે ખાડમાં રાખશે કોઇ ખાળી,
પડી ટેવ તે તો ટળે કેમ ટાળી ?

લઘુ વૃક્ષ વાળ્યું વળે જેમ વાળો,
ટળે તેમ છોટાપણે ટેવ ટાળો;
કુડી કે રૂડી, દુષ્ટની કે દયાળી,
પડી ટેવ તે તો ટળે કેમ ટાળી !

ક્રિયા કેળવો, મેળવો ગૂણ તેમાં,
નિતી ભેળવો, હેળવો જીભ તેમાં;
પડે પાઠ આ તે ભલી ટેવ પામે,
રચ્યા છે રૂડા છંદ દલપત્તરામે.

નાઠે ન મુકે

નાઠે ન મુકે ભૂખ, દુઃખ નાઠે નવ જાયે;
નાઠે ન મુકે ભોગ, રોગ નાઠે નવ જાયે;
નાઠે ન મુકે તાવ, નાસવે ગ્રહ નવ છૂટે;
નાઠે ન રહે લક્ષ, ચોર કે હાકેમ લૂટે;
વળિ નાઠે મોત મૂકે નહીં, નાઠે કૂડો પાશ છે;
કવિ શામળ ભટ્ટ સાચું કહે, નામ તેહનો નાશ છે.

અદેખા વિષે

ભાવે ભૂપ ભોજરાજા દાન દેવા બેસે ત્યારે,
માગણો ને કવિઓનાં, ટોળે ટોળાં તુટે છે;
ભાળીને ભંડારી તણું, ચિત્ત બળે ચરરર,
"ભીખારીનાં ટોળાં આવી, ભંડારને લુંટે છે."
સદાવ્રત આપે કોઇ, શેઠ કે શ્રીમંત ત્યારે,
કોઠારી કકળી કહે, "દાણો હવે ખુટે છે."
શંકર કહે છે, તેમ વરો કોઇ કરે ત્યારે,
નિહાળી નિહાળી 'નાનો' નાવી પેટ કુટે છે!

વર્ષાની ઋતુમાં જ્યારે, વનસ્પતિ ખુબ ખીલે,
જંગલી જવાસો શોક કરીને સુકાય છે;
ચોમાસામાં ચારો ચરી, પ્રાણી સહુ પુષ્ટ બને,
ગમાર ગધેડો ઘણો શરીરે શોષાય છે;
શ્વાનને ખાવાનું આપ્યું હોય, પણ ખાતાં ખાતાં,
અન્યને અપાતું દેખી, ઘણો ઘુરકાય છે;
શંકર કહે છે, તેમ ભલું કોનું થતું ભાળી,
આદમી અદેખો કોઇ ઉરે અકળાય છે!

જુઠું જગત

જેમ કોઇ ભોળો ભાઈ ભૂતનો આભાસ ભાળે,
એવો જ આભાસ જુઠો જગતનો જોઇએ.
દેખાય છે ત્યાં સુધી દેખાશે, પછી દૂર થાશે;
ગયું તે જરૂર ફરી જોયું નથી કોઇએ.
સાંજે સાંજે ફુલે ને સવારે તો સુકાઇ જાય,
કયા કયા રોજનાં સંભારી ફુલ રોઇએ ?
કહે દલપતરામ, કીજીયે સુકૃત કામ,
ખાલી ખોટો ખેદ કરી વખત ન ખોઇયે.

વાણી

સુવાક્યથી સ્નેહ સદૈવ વાધે,
કુવાક્યથી ક્લેશ હમેશ લાધે;
અરે કશો એક વિવેક આણી,
વિચારિને વીર ઉચાર વાણી.

સુવાક્યથી વિશ્વ બધું વખાણે,
કુવાક્યથી કીર્તિ જનો ન જાણે;
પડે ચડે જીભ વડે જ પ્રાણી,
વિચારિને વીર ઉચાર વાણી.

પ્રજા જુઓ પોપટ ઘેર પાળે,
સુખે સુઈ ઘૂડ શકે ન માળે;
ઉચારનું કારણ એ જ જાણી,
વિચારિને વીર ઉચાર વાણી.

ભલી જીભે ભાઈ ભલાઈ તો લે,
બુરી જીભે લોક બુરાઈ બોલે,
ગરીબ કે રાજકુમાર રાણી,
વિચારિને વીર ઉચાર વાણી.

સુવાક્યથી દૂધ દહીં ઘી દેશે,
અમૂલ્યનું મૂલ લગાર લેશે;
કુવાક્યથી પાય પળી ન પાણી,
વિચારિને વીર ઉચાર વાણી.

મુખેથિ રે માનવી વેણ મૂક્યું,
ફરીથિ તેં તે ન ગળાય થૂંક્યું,
વિમાસશો એવિ હશે જ વાણી,
વિચારિને વીર ઉચાર વાણી.

છરા તણો છેદ ઉપાય સૂઝે,
કુવાક્યનો કાપ કદી ન રૂઝે;
ન કાચની કોઠિ મટે જ કાણી,
વિચારિને વીર ઉચાર વાણી.

ભલો બુરો તોપ તણો ભડાકો,
હવા વિષે હોય જતો હડાકો,
કહો તમે, કેમ શકાય તાણી,
વિચારિને વીર ઉચાર વાણી.

વિચારિને વાણી વદો, કદી ન વણસે કામ;
ભાર તોલ તો જન ભલા રાખે દલપતરામ.

કરી દેખાડવું

ઢોંગ કરી દુનીયામાં દેખાડવું ભલું ડાહ્યા.
એવી તો સંસાર વિષે સૌને સમજણ છે.

પોતાની તપાસ્યા વિના ભાખવી બીજાની ભૂલ,
એ વિદ્યાથી ભૂતળમાં ભાગ્યે જ અભણ છે.

ભલાં ભલાં ભાષણોથી ભાખી તો શકાય, પણ
ન કરી શકાય, એ જ એક અડચણ છે.

કહે દલપતરામ, કહેવું સરસ કામ,
કહેવું તેવું કરી દેખાડવું કઠણ છે.

મૂછ કે પૂછ ?

ધરી મૂછ પર હાથ ક્યાંય શુભ દાન ન દીધું,
ધરી મૂછ પર હાથ ક્યાંય પરકામ ન કીધું,
ધરી મૂછ પર હાથ ક્યાંય પરપીડ ન જાણી,
ધરી મૂછ પર હાથ દીન પર દયા ન આણી:
તો છે ન મૂછ, તે પૂછ છે, 'જીવન' ઉરમાં આણીયે;
નહિ વચન લાજ, નહિ સ્નેહ સત, તે મુખ મૂછ ન જાણીયે.

બોલ

વિના ટેક વાળા બહુ બોલિ વાળે,
પછી આપનો બોલ એકે ન પાળે;
તમે ટેવ તેવી ન રાખો નઠારી,
પળે તેટલા બોલ બોલો વિચારી.

પુરો બોલ પાળે વધે તોલ તેનો,
ઘટે તોલ જૂઠો પડે બોલ જેનો;
ન રાખે ભરોસો નરો કોઈ નારી,
પળે તેટલા બોલ બોલો વિચારી,

નહીં વેણ જાશે ભલે જાય નાણું,
અરે હું ન એનો કશો શોક આણું;
ધરો ટેક એવી ફરે ધીર ધારી,
પળે તેટલા બોલ બોલો વિચારી.

મુવા શૂરવીરો ઘણા સત્યવાદી,
મુઆ વેણમાં, રીત એવી અનાદી;
વધી લાજ આ લોકમાં લાભકારી,
ગજે તેટલા બોલ બોલો વિચારી.

કહે તે કરે માનવી એ જ મોટો,
મુએ વેણ તે તો ખરો ખૂબ ખોટો;
અરે નાંખશે માન એ તો ઉતારી,
ગજે તેટલા બોલ બોલો વિચારી.

ભસે તે નહિ કૂતરો ચર્ણ ચાટ,
લબાડી લહે ઉપમા એ જ સાટ;
ગઢે એ જ લજ્જા જવા જોગ વારી,
ગજે તેટલા બોલ બોલો વિચારી.

સરે સૂખ કે ઉપજે દુઃખ અંગે,
રહો રાત દહાડો કહો એ જ ઢંગે;
ભલા લોભમાં પામશો લાભ ભારી,
ગજે તેટલા બોલ બોલો વિચારી.

સૂતાં ઉઠતાં બેસતાં વાત સાચી,
કહો વેણ મોટું નહિ શક્તિ કાચી;
હરી બેસશો એ થકી ઊંચ ઠામે
રચ્યા છે રૂડા છંદ દલપતરામે.

તારો

તારા ! ચળક ચળક તું થજે,
મુજ મન કૌતુક કંઈ ઉપજે.

કોણ હોઈશ તું ઉજળે નૂર,
આ જગમાં ઊંચો અતિ દૂર?

ને ચળકંતો વ્યોમની વિષે,
હીરા સરિખો તું કંઇ દિસે.

તુજ સરખા નભ માંહિ અસંખ્ય,
ચળકે તારા ઉજ્જ્વળ અંગ;
આખો દિન નભમાં સંતાય,
સાંજે નીકળે ઘરથી બધાય.

એક પછી એક જ આવતા,
કૌતુક—નજર નિચે નાખતા;
કોઇ મધુર લોચન સ્થિર ધરી,
કો હસતા ચમકારા કરી,
તારા નિરખી રહે મુજ ભણી,
થાકું એ તો ગણી ગણી.
અખંડ રાત્રિ રહી જાગતો,
તરતા નભમાં નવ થાકતો.
તારા ! ચળક ચળક તું થજે,
પછી સિન્ધુમાં ડૂબી જજે.

હલેસાં

હલેસાં ! હલેસાં ! હલેસાં ! હલેસાં !
ધસો હાં ! ખસો ના, ખલાસી ! હલેસાં !
હિંમત મરદા મદદે ખુદા, હો હલેસાં !
મથો સાથે, વછૂટા ન જૂદા, હલેસાં !
વ્હાણ ચડ્યું ખરાબે-ખરાબે, હલેસાં !
આવી અટક્યું ખડકે આ હાવે, હલેસાં !
સઢો સહુએ સંકેલો સપાટે, હલેસાં !
દોર ખેંચો ખુબ ધીંગા ઝપાટે, હલેસાં !
થાક્યો જાલિમ સુકાની, ન થાકો ! હલેસાં !
નાખુદા મુઝાયો, ન થાકો ! હલેસાં !
દરીયો ફુંકે આ સામો, ના બ્હીનો, હલેસાં !
નાંગર નાંખો, છિપાવો, ના બ્હીનો, હલેસાં !
મોજાં મારે ઉછાળા, આ ચાલ્યા ! હલેસાં !
કકડે કડડડ પાટીયાં, આ ચાલ્યા ! હલેસાં !
કામ બળનું ના-કળનું જુઆળે, હલેસાં !
છુટ્યું સરરર સટ વ્હાણે આ કાળે, હલેસાં !

દશાશન

ઉજળી પછેડી ઉપર પાથરી, જાણે દુધનું ફીણ જી;
ઓશીસાં ને ગાલમસુરિયાં, ચાકળા જાણે જીણ જી.

અંજનાચળ પર્વત જેવો, સુતો છે શ્યામળ વાન જી;
દશે મસ્તકે મુકુટ ધર્યાં છે, કુંડળ ઝળકે કાન જી.

એક મ્હોડે ઉંઘે છે ને એકે કરે છે હાસ્ય જી;
એક મ્હોડે અપરાધીનો કરાવે છે નાશ જી.

એક મ્હોડે ગાન કરે છે, એક મ્હોડે કરે વાત જી;
એક મ્હોડે હુંકારા દે છે, સુંદરીને સાક્ષાત જી.

બાપાની પીપર

વિચરીને વઢવાણથી લીધો લીંબડી પંથ;
વીતક વરણુવતાં વધે ગ્રીષ્મ-વરણન ગ્રંથ--
ગ્રીષ્મ વરણન ગ્રંથ, પંથમાં ન મળ્યું પાણી,
તપ્યો પ્રલય સમ તાપ, રહી ફિર રામકહાણી.
દાખે દલપતરામ, રામનું રટણ કરીને
અતિશય કર્યો ઉચાટ, વાટ મધ્યે વિચરીને.

લગભગ આવી લીંબડી, દોઢ ગાઉ પર દૂર,
ત્યાં તો ઘોમ ધખ્યો ઘણો, ન રહ્યું તનમાં નૂર--
ન રહ્યું તનમાં નૂર, સૂરજે શરીર તપાવ્યું,
છાંયો ન મળે છેક, એક પણ ઝાડ ન આવ્યું.
દાખે દલપતરામ, ભલી જોતાં મન ભાવી;
પીપર બાપા તણી, લીંબડી લગભગ આવી.

બાપાની પીપર બડી પૃથ્વી પર પ્રખ્યાત,
પ્રસિદ્ધ જેવો પ્રાગ વડ, વિશ્વ વખાણે વાત—
વિશ્વ વખાણે વાત, પીંપળો પ્રભાસ પાસે,
કદંબ જમુના કૂલ કલ્પતરુઓ કૈલાસે.
દાખે દલપતરામ, ઉપમા એ આપ્યાની;
ભલે થઇ ભૂ માંહિ બડી પીપર બાપાની!

ત્યાં બેસીને ત્રણ ઘડી ક્રવિએ કર્યો વિરામ,
અતિ સુખ ઉપજ્યું તે થકી, આશિષ દીધી આમ—
આશિષ દીધી આમ: નામ તુજ નવજુગ રહેજે!
તુજને વાવી તેહ લાખ સુખ સ્વર્ગે લેજે!
દાખે દલપતરામ, પરમ પદમાં પેસીને
લેજો ઉત્તમ લ્હાવ, બહુ જુગ ત્યાં બેસીને!

આંબા કરતાં અતિ ભલું દીસે તારૂં ડાળ;
શેલડી શા હીસાબમાં? આપે સાકર ગોળ—
આપે સાકર ગોળ, તાપ તનનો ન મટાડે;
સુરતરુ સ્વર્ગે વસે, ન દેખે નર કોઇ દહાડે.
દાખે દલપતરામ, સરવ તરુના ગુણ સ્મરતાં
તુજમાં અમૃત તત્ત્વ, અધિક તું આંબા કરતાં!

જાહ્નવી તીરે જળ તણું દેવું સુલભ દાન,
દેજો નિર્જળ દેશમાં, કહું, જળ કિંમતવાન.

પ્યારી પીપર પદ્મણી, શાન્તિદાન દેનારિ?
ભૂપતિ વિક્રમ રાજ સમ તું અતિશે ઉપકારિ!
તું અતિશે ઉપકારિ, તારિ કીર્તિ શું કહીયે?
જે ઉચરૂં તે અલ્પ, એમ અંતર ધરી રહીયે.
દાખે દલપતરામ, કોટિધા તું ગુણકારી;
રાખિશ તારૂં નામ પૃથ્વિ પર પીપર પ્યારી!

આપે ગામ ગરાસ કે દ્રવ્ય વસ્ત્ર કે દાન,
એમાંનું એક નહિ શાન્તિદાન સમાન—
શાન્તિદાન સમાન જગતમાં કશું ન જાણું,
તે માટે હું તને વિશેષે કરી વખાણું.
દાખે દલપતરામ, કષ્ટ કાયાનાં કાપે,
દુનિયા મધ્યે દાન, કહો, એવું કો આપે?

જ્યાં સુધી આ જગતમાં મુજ કવિતા કહેવાય,
બાપાની પીપર તણા ગુણ જગ માંહિ ગવાય—
ગુણ જગ માંહિ ગવાય, પામજે બહુ પ્રખ્યાતિ!
કીર્તિ દેશ વિદેશ મુલકમા થાજે માતી!
દાખે દલપતરામ, અરે સુખના અંબુધી!
જીવે તું જગ માંહિં, જીવે કવિતા જ્યાં સુધી!

ઓગણીસેં ઉપર થયે વિક્રમ વર્ષે એક,
વદી દશમી વૈશાખની, વાસર શની વશેક—
વાસર શની વશેક, પીપરે તાપ ઉતાર્યો !
નિશ્ચલ રહેવા નામ આમ આ વિષય ઉચાર્યો.
દાખે દલપતરામ, ભલે જનમી આ ભૂ પર !
વિક્રમ વર્ષ ગણાય એક ઓગણીસેં ઉપર.

કદલીતરુ તુચ્છ ગણી કહીયે,
કદિ આંચ હરે ન ઉતાપાની;
તરુ ફૂલ તણાં વિરહી જન ને
બહુ વૃદ્ધિ કરે જ બળાપાની !
ધિક્ જન્મ ધરી જશ જો ન જપાય,
છપાય ન અંદર છાપાની;
નિરભાગણી નાગરવેલ અને
ભડભાગણી પીપર બાપાની.

પેમો ને ફેમો

પેમાને ફેમો પૂછે છે, પૃથિવીમાં પ્રતિવર્ષ
મેહ ઝડી માંડે છે, ચોમાસે માસ ચાર જે;
એક મેહ હશે કે જરૂર હશે જુજવા તે ?
પેમો કહે, એકજ છે એકજ પ્રકાર જે.
ફેમો કહે ત્યારે, કહે જુજવા મનાય કેમ ?
જોશીઓએ જુજવા બતાવેલા છે બાર જે ?
કહે પેમો, તારી સાથે કરે કોણ માથાકૂટ ?
કહે પેમો, જુજવા છે તું તો તારે ધારજે ?

જોવા જોગ જેવી ગુજરાત

દેશાટન કરી દેખશો ભલી જણસ બહુ ભાત;
પંથ પધારી પ્રથમ તો જઇ જોજો ગુજરાત.

રળીયામણી ગુજરાત જોવા જોગ જેવી જાણજે,
ધરિ યાદ અમદાવાદથી એકાદ વસ્તુ આણજે;
અતલસ અને મુલદાર મશરૂ માલ બેશ મંગાવજે,
વળિ ઘરદિશે વરસાદ પહેલાં આપ વેહેલા આવજે.

પછિ પંથ પેથાપુર ભણી જાત્રાળુ જન જો જાય છે,
ત્યાં બાંધણીની સાડિઓ બંદૂક બહુ વખણાય છે;
તે દેશથી સંદેશડો જન કોઈ સાથ કહાવજે,
વળિ ઘરદિશે વરસાદ પહેલાં આપ વહેલા આવજે.

વીસલનગર વિશ્રામ કરશો, પાત્ર ત્યાં પીતળ તણાં,
વખણાય હળદર હેમ જેવી, ઘાટ ચીર ખુલે ઘણાં;
પછિ પાટણે જઇને પટોળાં રંગદાર રખાવજે,
વળિ ઘરદિશે વરસાદ પહેલાં આપ વહેલા આવજે.

સમશેર તો સીરોહીની, પ્રતિમા ભલી ડુંગરીપરી,
આવતાં જાજે આત્રસુંબે, ત્યાં છરા લોઢી છરી;
વળિ કપડવંજી કાચ સાબૂ રહિ સમીપ રચાવજે,
વળિ ઘરદિશે વરસાદ પહેલાં આપ વહેલા આવજે.

કાઠિયાવાડી કાંબિ ઝાલાવાડિ રૂડાં ઝૂમણાં,
ખંભાતની ભલિ સુત્રફેણી, જમણ તો સુરત તણાં;
બહુ પાઘડી ને સાડિ બરફી લક્ષ દઈને લાવજો,
વળિ ઘરદિશે વરસાદ પહેલાં આપ વહેલા આવજો.

નાશક તણાં જળપાત્ર નિર્મળ, પાન પૂને સાંપડે,
બુરાનપુરી શેલાં સરસ, પણ પેંઠણી પાઘડી ચડે;
શુભ શાલ તો કાશ્મીરની, એ તો જરૂર અણાવજો,
વળિ ઘરદિશે વરસાદ પહેલાં આપ વહેલા આવજો.

કાશી તણા લોટા પિતાંબર, અફિણ છાયલ માળવી,
પણ ધોતિજોડા નાગપુર જઈ લાવજો જોઈ જાળવી;
બહુ ખાંડ બંગાળે બને, પણ લઈ હિસાબ પતાવજો,
વળિ ઘરદિશે વરસાદ પહેલાં આપ વહેલા આવજો.

ધોળેરિ રૂ ધોળું ભલું, ઘઉં તો ભલા છે ભાલમાં,
ગજદંત સિંહલદ્વીપ, મુંબઈ હેમની છે હાલમાં;
નાણાં તણી જોઈ ટંકશાળ સભા વિષે સીધાવજો,
વળિ ઘરદિશે વરસાદ પહેલાં આપ વહેલા આવજો.

મથુરામાં પેંડા મળે, જુઓ ચિત્ર જયપુર;
ઘોડા તો કચ્છી ઘણા, પ્રેમ પમાડે ઉર.
જામનગરનું જઈ જુઓ કંકુ સારે કામ;
વાગડમાં મગ બાજરી દીઠી દલપતરામ.

પોલું છે તે વાગે છે

એક સુમ શેઠ કને આવ્યો કોઇ કળાધારી,
શરણાઈ વગાડીને શીખ કંઇ માગે છે.
ડોકલી ધૂણાવે શેઠ, ખાલી થતી જોઇ વેઠ;
પેલે જાણ્યું તાન ઠેઠ કાળજામાં લાગે છે!
ગાયન પૂરૂં કરીને વાહ વાહ બોલ્યો વળી,
આપ જેવા શેઠીઆથી દુખ મારૂં ભાગે છે.
ફેંટ કાઢી હાથ પેરે શેઠ તો સાંબેલું લાવ્યા,
આને તો વગાડ જોઉં, પોલું છે તે વાગે છે!

કુહાડી

પિતાની કુહાડી લઇ બાળ નાનો;
બન્યો ભાયડો હોય બ્હાદૂર શાણો;
કરે ઘાવ, કાપે કંઇ ચીજ ભાળે,
ગયો ખેલતો ગામ ઝાંપે તળાવે.

હલાવ્યું જરા માછલે નીર તાંહીં,
નિહાળ્યું કંઇ બાળકે પાણિ માંહીં;
ઠર્યો બાળ દીઠે, પડી તો કુહાડી,
રડયો તે ઘડી ત્યાં બહુ ચીસ પાડી.

સદા પાણિમાં ઝુલતાં ને સમાતાં,
સુણી સાદ આવ્યાં ભલાં દેવિ માતા;
વદે દેવિ લે આ રૂપાની કુહાડી,
કહે બાળઃ માતા, નથી એવી મારી.

બિજી વાર સોનાનિ લાવી બતાવી.
નહિ એ કહે બાળ માથું હલાવી;
મને તો ગમે મારિ સારી કુહાડી,
ભલાં માત દો પાણી માંહેથી કાઢી.

દેવીએ કાઢી દિધી, બોલી બાળક સાથ;
સુખ સંપત હોજો તને; મ્હેર કરે જગનાથ.

સુદામા–ચરિત્ર

૧

જદુપતિ નાથ તે, મિત્ર છે તમ તણા,
જાઓ વેગે કરી કૃષ્ણ પાસે;
પ્રીત પૂરવ તણી, હેત ધરશે હરિ,
મનના મનોરથ સફળ થાશે. જદુપતિ૦

ઘેર બાળક સહુ, દુઃખ પામે બહુ,
અન્ન ને વસ્ત્રથી રહે છે ઊણા;
નિરધન સરજીયા પુણ્ય કીધા વિના,
કર્મના દોષ તે આવિ પૂણ્યા. જદુપતિ૦

જદુપતિ જાદવો, ભક્તિવશ માધવો,
કરશે કરુણા પ્રભુ દીન જાણી;
ગોમતીસ્નાનથી કોટિ અઘ નાસશે,
નિરખતાં કૃષ્ણને પ્રેમ આણી. જદુપતિ૦

કૃષ્ણને હળિ મળી, શીઘ્ર આવો વળી
જાણશે દુઃખ અંતરજામી,
વિનતિ મનમાં ધરો, આળસ પરહરો,
સહાય થાશે નરસૈંનો સ્વામી. જદુપતિ૦

૨

સાંભળો ભામિની, કાન ધરિ કામિની,
કવણ કહાવું હું કૃપણ પાપી;
ત્રિભુવન નાથ તે મહીપતિ માધવો,
કેમ બોલાય ત્યાં વાત ચાંપી ? સાંભળો૦

દિવસ ઝાઝા થયા, બાલપણને ગયા
નરપતિ નવ પ્રિછે પ્રીત જૂની;
દુર્બળ રંક હું ભિક્ષુક બાપડો,
નવ લહું ચોકશી ખોટિ ચૂની. સાંભળો૦

ઉગ્ર સેન, અક્રૂર, ઉદ્ધવ છે ત્યહાં,
અભિભદ્ર ને અનિરુદ્ધ પાસે;
કોટિ જોદ્ધા જ્યહાં, ઊભો રહીશ ક્યાં ?
કોણ આવી મારો હાથ રહાશે ? સાંભળો૦
જડિત રત્નો મણિ, કાન્તિ ભાસે ઘણી,
તિમિર નાવે તેની જ્યોત પાસે;
ત્યાં કેમ બોલી શકું વેણ વદતો થકું ?
ધમણ ધમતો રહું શ્વાસોશ્વાસે. સાંભળો૦
મૌન બેસી રહો, સુખ દુઃખ સૌ સહો,
ભોગવો કર્મ જે ભાગ્ય ચોંટયું;
દુરિજન લોક તે છાને લવતાં રહે,
નરસૈંના સ્વામિનું બિરદ મોટું. સાંભળો૦

૩

સ્વામિ સાચું કહું, બોલવું નવ રહ્યું,
કંથનાં વચન તે વેદવાણી;
ભવ તણું નાવ તે ભકિત ભૂધર તણી,
તેહ હું પ્રીછવું સ્નેહ આણી. સ્વામિ૦
નથિ હરિ વેગળા, ભકિતભાવે મળ્યા,
રાય ને રંક તે એક ઘાટે;
લખપતિ કોટિધ્વજ, મંન નાણે રતી,
શક સરિખા ત્યહાં નહિ રે સાટે. સ્વામિ૦

બ્રહ્મણ્ય દેવ, દયાળ શ્રી કૃષ્ણજી,
નિજ જન જાણિને શુદ્ધ લેશે;
પ્રીતની રીત તે જાય નહિ વીસરી,
બાળલીલા તણાં ચરિત્ર કહેશે. સ્વામિ૦
નથી કંઇ ઓઢવા, ભેટ લેઇ જવા,
કેમ કરી જાણશે કૃષ્ણ કામી?
દત્ત નથિ આપણું, વદન લજ્જામણું,
નિરખતાં લાજે નરસૈંનો સ્વામી. સ્વામી૦

૪

વિનતિ વળી કહું, ભેટ લાવી દઉં,
પોતીયે તાંદુલ ગાંઠ બાંધો;
જાણશે થોડે ઘણું; ભાવ ભોજન તણું,
ધન્ય શ્રી કૃષ્ણશું સ્નેહ બાંધો. વિનતિ૦
ભિલડીનાં બોર તે, ભાવે આરોગીયા,
જૂઠું અન્ન આહિરનું લીધું;
ભક્ત વિદૂરની, ભાજિ ભાવે જમ્યા,
ભૂપનું નોતરૂં પાછું કીધું. વિનતિ૦
પેરે પેરે પાંડવ કષ્ટ નિવારીયાં,
ભક્ત કારણ કંઇ દુષ્ટ તાર્યો;
ઉંચ ને નીચનું એને છે પારખું,
પતિત અધર્મિં કઇ કોટિ તાર્યો. વિનતિ૦

ભકિતવશ વિઠ્ઠલો, સંત સાથે મળ્યો,
સમોવડને નવ ચૂકે ટાણે;
સંત સમરે ત્યહાં, આવિ ઊભો રહે,
ભકતના મન તણો ભાવ જાણે. વિનતિ૦
જાઓ વેગે કરી, નિરખો મુકિતપુરી,
ધન્ય ધન્ય તારુણી સ્નેહ ન્યાળો;
નરસૈંયાના નાથને નિરખો નિશ્ચય કરી,
કામિનીએ કંથને બાંહે ઝાલ્યો. વિનતિ૦

૫

ચાલીયો વાટમાં, જ્ઞાનિના ઘાટમાં,
મિત્ર મોહન તણું નામ લેતો;
ધન્ય એ નાર, અવતાર સફળ કર્યો,
કૃષ્ણ હે કૃષ્ણ, મુખ એમ કહેતો. ચાલીયો૦
માગવું મૃત્યુ પ્રમાણ છે પ્રાણિને,
લોભ કીધે ત્યહાં પ્રીત તૂટે;
કહ્યું મેં અબળા સુખે બેસી રહો;
માગતાં તો બધો મર્મ છૂટે. ચાલીયો૦
માગીયું મેં નથી, શું મુખે કહું કથી,
ભોગવું કર્મ જે ભાગ્ય લાવ્યો;
શ્રીપતિનાથે મને, રંક સરજાવીયો,
એમ કરતો દ્વિજ દ્વાર આવ્યો. ચાલીયો૦

આવિ ઊભો રહ્યો, કંઠ ગદ્‌ગદ થયો,
કોટિ સૂરજ શશિ જ્યોત ભાસે;
ઉર દયા આણિને, હરિજન જાણિને,
પોળીયે જઇ કહ્યું કૃષ્ણ પાસે. ચાલીયો૦

મંદિરે તેડીયા, ચાલિને ભેટીયા,
ત્રિવિધના તાપ તે સર્વ નાઠા;
હેમસિંહાસને લેઇ બેસાડીયા,
તાણતાં વિપ્રનાં વસ્ત્ર ફાટયાં. ચાલીયો૦

તેલ ફૂલેલ મર્દન કરાવીયાં,
શુદ્ધ ઉષ્ણોદકે સ્નાન કીધું;
કનકની પાવડી ચરણ આગળ ધરી,
કૃષ્ણે ચરણોદક શીશ લીધું. ચાલીયો૦

પુનિત પીતાંબર પહેરવા આપીયું,
કનકને થાળે પકવાન્ન દીધાં;
ભાવતાં ભોજન, કૃષ્ણહાથે કર્યાં,
લીધું આચમન ને કાજ સીધ્યાં. ચાલીયો૦

કૃષ્ણે પલંગ પર, પોતે પધરાવીયા,
દધિસુતા વીંઝણે વાયુ ભરતાં;
સત્યભામાદિક નારિ નિરખી રહી,
નરસૈંનો નાથ પદસેવ કરતા. ચાલીયો૦

૬

ભાગ્ય જોજો બાઈ, કૃપણ ભિક્ષુક તણું,
રુકિમણી આદિ સૌ નારી બોલે;
હળધર જોગ્ય તે, ભોગ પહોંચાડીયા,
અજ અંબરીષથી અધિક તોલે. ભાગ્ય૦

આ કૃપણરૂપ તો પ્રગટીયું કયાં થકી ?
વસ્ત્ર મેલાં દિસે કર્મ ફૂટયો;
ત્રિગુણને દુર્લભ, સેજ રમા તણી,
વશ કરી નાથને પાપ છૂટયો. ભાગ્ય૦

અંગ અતિ ક્રમકમે, ધમણ મ્હોડે ધમે,
ઉધરસે ને વળી નાક લૂતો;
જોજો કૌતુક હરિ દેહ દશા ફરી,
કૃપણ તે કૃષ્ણને સંગ સૂતો. ભાગ્ય૦

પહોહિને ઊઠીયા, સ્નાને બેસાડીયા,
વદન પખાળવા નીર દીધું;
કનકઝારી ભરી, શીત જળ આપીયું,
કનક કટોરે તે પાણી પીધું. ભાગ્ય૦

શ્રીમુખે બોલીયા, કહોને બાંધવ તમો,
બ્રહ્મચારી કે ગૃહધર્મ કીધો ?
કુશળ છે બાળગોપાળ સહુ તમ તણાં ?
ભાગ્ય મોટું મને ચિત્ત લીધો. ભાગ્ય૦

ગૃહસ્થના ધર્મમાં હુંય વળગી રહ્યો,
હું તે મારી વળી ગત્ય ભૂલ્યો;
મિત્ર સુદામાની શુદ્ધ લીધી નહિ,
કામિની કેફમાં હું જ ડૂલ્યો. ભાગ્ય૦

સાંદીપની ગોરને ઘેર આપણુ ભણ્યા,
ધન્ય ધન્ય દિવસ તે સફળ કહાવ્યો;
એક રેણી રહ્યા વન વિષે આપણે,
સર્પણુ ભાંગતાં મેઘ આવ્યો. ભાગ્ય૦

અન્ન લીધા વિના, ભુખ્યા બેસી રહ્યા,
ગોરાણીએ આપણી પીડ જાણી;
વિસરી ગયું છે કે વીર, તને સાંભરે,
સાંદીપની ગોરની અચળ વાણી ? ભાગ્ય૦

ભાભીએ ભેટ જે મોકલી મુજ ભણી,
ભાવશું ભાઇ તે લાગે મીઠી;
સંકોચતો ગાંઠડી વિપ્ર ઝાલી ધરે,
નરસૈંના સ્વામીએ નજરે દીઠી. ભાગ્ય૦

૭

છપ્પન ભોગ જ્યાં, કવણ તાંદુલ ત્યાં ?
આપતાં ઊર સંકોચ આવે;
જે રે જોઇએ તે, આવી મળે કૃષ્ણને,
તાંદુલ ભેટ તે તુચ્છ કહાવે. છપ્પન૦

ધાઇ લીધા હરિ, મૂઠી તાંદુલ ભરી,
પ્રેમે આરોગીયા તૃપ્તિ પામી;
ઇંદ્ર કુબેરથી, અધિક વૈભવ કર્યો,
રુક્મિણી કર ગ્રહ્યો શીશ નામી. છપ્પન૦

એક રહ્યાં અમો, એક બીજા તમો,
ભક્તને અઢળક દાન કરતાં;
પ્રેમદાએ પ્રેમનાં વચન એવાં કહ્યાં,
હાથ સહાયો ત્રીજી મૂઠી ભરતાં. છપ્પન૦

વનિતા-વચન તે વિપ્ર સમજ્યો નહિ,
ચાલવા ઘર ભણી શીખ માગી;
નરસૈંને નાથે દુર્બળપણું ટાળીયું,
ભૂખનાં દુઃખની ભીડ ભાગી. છપ્પન૦

૮

વિપ્ર ચાલ્યો વળી, કૃષ્ણ સાથે મળી,
ચિત્તમાં શોચી વિચાર કરતો;
આપ્યું તો કાંઇ નહિ, ત્રીઠ જાણી નહિ,
તે તણો શોચ હૃદયે જ ધરતો. વિપ્ર૦

અષ્ટ મહાસિદ્ધિ તણી, ઋદ્ધિ નવ નિધિ તણી,
સંપત્તિમાં રહ્યો ભોગ માણી;
કામિની-કથને હું દ્વારિકાં આવીયો,
અમ તણી ત્રીઠ તો નવ્ય જાણી. વિપ્ર૦

બાળગોપાળ જે વાટ જોતાં હશે,
તેહને જોઈ અમો શુંય કહેશું ?
મિત્ર મોહન તણું હેત જ્યારે પૂછશે,
કામિનીને ઉત્તર કેમ દેશું ? વિપ્ર૦

એમ ચિંતા કરે, નેત્રથી નીર ઝરે,
કર્મની વાત મન માંહિ ધારી;
નરસૈંનો નાથ તો, અતિ ઘણો લોભીયો,
પીતાંબરી પણ લિધિ ઉતારી. વિપ્ર૦

૯

ધન્ય તું ધન્ય તું, રાય રણછોડજી,
દીન જાણી મને માન દીધું;
નહિ મુજ જોગ તે, ભોગ પહોંચાડીયા
આજ અંબરીષથી અધિક દીધું. ધન્ય૦

કનકને આસને મુજને બેસાડીયો,
રુક્મિણી કૃષ્ણનો હાથ રહાતાં;
હેત કરિ કરિ હરિ ચરણ તળાસીયાં,
ખટ્‌રસ ભોજન ખાતાં ખાતાં. ધન્ય૦

બાલપણા તણો સ્નેહ નવ વિસારીયો,
મિત્ર મોહન તણી પ્રીત સાચી;
હેતથી હળી મળી માન દીધું મને,
રંક બેસાડીયો કનકમાંચી. ધન્ય૦

ધન્ય ધન્ય કૃષ્ણજી સંતસેવા કરી,
ધ્યાન ધરતો હું નિજ દ્વાર આવ્યો;
રત્ન જડિત મણિ ભવન શોભા બણી,
દેવ શું દ્વારિકા આંહિ લાવ્યા. ધન્ય૦

કનકની ભૂમિ ને રત્નના થાંભલા,
અર્કની જ્યોત ઉદ્યોત દીસે;
ખાન ને પાન વિહાર સ્થાનક ઘણાં,
કામિની નિરખતાં કામ હીસે. ધન્ય૦

સપ્ત નવ વરસની દીઠી ત્યાં સુંદરી,
નારિ નવજોબના બહુ રૂપાળી;
સોળ શણગાર તે અંગ સુંદર ધર્યા,
દેવવિમાનથી રહ્યા નિહાળી. ધન્ય૦

સહસ્ત્ર દાસી મળી, દીશે વીંટી વળી,
કામિની કંથની પાસ આવી;
સ્વામિ રે સ્વામિ, હું દાસિ છું તમ તણી,
ચાલો મંદિર વિષે પ્રેમ લાવી. ધન્ય૦

ગોમતીસ્નાન કરી, કૃષ્ણજી નિરખીયા,
પુણ્ય પ્રગટ થયું, પાપ નાઠું;
તે થકી સમૃદ્ધિ આ સકલ તે સાંપડી,
મટી ગયું આપણું ભાગ્ય મઠું. ધન્ય૦

કૃષ્ણ કહેતા તે નિજ ધામ પધારીયા,
નવલ જોબન થયાં નર ને નારી;
વિનતિ ઉચ્ચારતાં, રજનિ વીતી ગઇ,
નરસૈંયાના સ્વામિની પ્રીત ભારી. ધન્ય૦

કર્મી સાપ ને ઉદ્યમી ઉંદર

શિવવમાં કહે સુણ સુંદરી, વાત કહું તુને વિસ્તરી;
દક્ષિણ દેશ જોટીઆણું ગામ, વિષવાદી રહેવાનો ઠામ.

ભાળગર વાદી કહેવાય, મંત્ર જંત્ર તણો એ રાય;
સર્પ સાહીને ઘરમાં ધરે, જડીબુટ્ટીનાં કારજ સરે.

અઘોર વનમાં વાદી ગયો, પહાડ પર્વત ઉપર જઇ રહ્યો;
મુરલીનો ત્યાં કીધો નાદ, આવ્યો સર્પ સુણવા તે સાદ.

વાદીએ તેને તત્ક્ષણ ગ્રહ્યો, પોતાને મંદિર જઈ રહ્યો;
લાવ્યો વાંસનો કરંડ આપ, તેમાં ઘાલ્યો મણિધર સાપ.

નવ મેલ્યું ભોજન ને નીર, પામ્યો દુઃખ તે સર્પ શરીર;
ઉદ્યમ સર્પ તે શાનો કરે? કર્મ અનુસારે તે પરવરે.

વિશ્વાસ રાખે કર્મ જ તણો, મળશે ભક્ષ મુજને બહુ ઘણો;
કર્મ જોરે લંકા લૂટશે, કર્મ બંધનથી છૂટશે.

તેના ઘરમાં ઉંદર ઘણા, વિશ્વાસ રાખે તે ઉદ્યમ તણા;
કર્મ તે તો તૃણવત ગણે, ઉદ્યમ ભાવથી ભારે ભણે.

ઉંદર એક હુતો તે ત્યાંહે, રહેતો વાદીના ઘર માંહે;
શિર મોટા ચોટા ચાંકડો, મુછ મોટિ છોટા છાંકડો.

કાપે કાપડ કોડી ઘણી, નવ આણે બીહીક કો તણી;
ઉદ્યમ પર જેને છે મન, નાખે ઉઘાડી ઢાંકયાં અન્ન.

ઘી ગોળ ને વળી ગોરસ ખાય, એ છે ઉદ્યમ કેરો રાય;
એક દિન મન કર્યો વિચાર, લાવું આજ અદકેરો આહાર.

દાણાદૂણી કોણ જ ખાય, એ છે ઉદ્યમ કેરો રાય;
એમ ધારી ચાલ્યો પરચંડ, જ્યાં ઢાંકી મેલ્યો'તો કરંડ.

દેખી કરંડ રળીયાત જ થાય, ઊલટથી આઘેરો જાય;
એમાં દીસે છે સૂખડી, કાઢી ખાઉં ભાંગે ભૂખડી.

એમ કહી લાગ્યો કાપવા, વહાલાંને વહેંચી આપવા;
પાડી છિદ્રને પેઠો માંહે, કર્મી સર્પ બેઠો છે જ્યાંહે.

વદન વિકાસ્યું તેહ જ તણું, પેઠો ઉંદર લેવા ઘણું;
ગળ્યો મુષકને ભાંગી ભૂખ, કર્મે તેનાં ટાળ્યાં દુઃખ.

પામ્યો સુખ શરીરે સાર, પાડ્યું છિદ્ર ને આવ્યો બહાર;
પામ્યો સુખ તે ઉંદર ગળ્યો, જઈ સ્વજન સૌ કોને મળ્યો.

ઉદ્યમી ઉંદર એળે ગયો, કર્મવંત તે આગળ થયો;
કર્મ કરે તે ન કરે કોય, કામકળા તે વિચારી જોય.

પડઘા વિષે

એક વિકટ વનમાં વસે, સિંહ વડો વનરાજ;
મહા મદોન્મત મન ગણે, અવર ન મુજ સમ આજ.

એણે અવસર એકમાં, ત્યાં તો પાડી ત્રાડ;
પડઘો પણ તેવો પડ્યો, ઝુંડ હતાં જ્યાં ઝાડ.

વળી વળી કરે વિચાર જે, આવ્યો આ કોઈ કોણ;
કહે સિંહ, તું કોણ ત્યાં? કહે ધ્વનિ, તું કોણ?

તું તું મુજને મુજને, કાં હુંકારે હુંકાર?
તને, તને મારીશ રીશ, નીકળ બાર રે બાર.

હું, હું, વનપતિ, વનપતિ, તું, તું, ચોર જ, ચોર,
એ રીતે ઉચ્ચારતાં, ઘણો થયો પ્રતિઘોર.

વનપતિ સમજ્યો વન તણું રખે ચહે એ રાજ;
ક્રોધ કરીને કેસરી કૂદ્યો જોવા કાજ.

ઠામ ઠામ જઇ ઠેકતો, હૈડે રાખી હામ;
ગર્વ ધરીને ગરજતો, તરુ ગિરિ ફર્યો તમામ.

ત્યાં દેખી તેને કહે, શાણો એક શીયાળ;
એ અવાજ છે આપનો, નહિ અવર વનપાળ.

સમજાવ્યો સારી પઠે, સિંહ થયો સુણી શાંત;
સમજ્યો કારણ સર્વ તે, ભાગી મનની ભ્રાંત.

એ રીતે આ લોકમાં, બોલે જેવા બોલ;
પાછળથી પડઘા પડે, તે તો તેને તોલ.

ભલો કહી સુણીએ ભલો, બાળ કહેથી બાળ;
કીર્તિ કથ્યેથી કીરતી, ગાળ દિધેથી ગાળ.

વદવું વચન વિચારથી, અણવિચારથી ન એક;
કહો નહીં દલપત કહે, છૂટી જીભે છેક.

પસ્તાવો

સિદ્ધપુર નામે સુંદર ગામ, નારસિંહ રાજાનું નામ;
વસે એક બ્રાહ્મણ મહામતિ, પતિવ્રતા તેને ઘેર સતી.

પેટ નહિ પુત્રી કે તન, ઈશ્વર ઉપર એનું મન;
વિવિધ પ્રકાર કરે તે વ્રત, કરે આચરણ રૂડાં કૃત્ય.

નરનારી બે પવિત્ર નેટ, તોય પુત્ર ન આવે પેટ;
મનમાં રાખે નારી મયા, વસે દિલે પુરુષને દયા.

આપ ઘેર એક નોળનું બચ્ચું, તરફડતું તે આંગણ વચ્ચું,
પાસે માત નહીં તે તણી, દયા ઉપની મનમાં ઘણી.

રાખ્યું પાસ પોતાને ઘેર, પાય દૂધ પ્રીતે શુભ પેર;
પોઢાડે શય્યામાં જોટ, કુંવર તુલ્ય પહોંચાડે કોડ.

થયું મોટેરૂં તે તો બાળ, ન કરે એકે અદકી આળ;
વાચા નહિ મુખે તે તણી, અકલ મનુષ્ય તણી છે ઘણી.

તેનાં પગલાંથી પછી નેટ, પ્રસવ્યો પુત્ર જ તેને પેટ;
બાંધ્યાં છે તોરણ બારણે, પોઢાડયો પૂતર પારણે.

હરખ ઘણો દીવાળી દન, નોળ ઉપર માનનીનું મન;
તન મન ધન જાણે તેહને, દયા ધરે અદકી દેહને.

એક દિવસ છે સુત પારણે, જુવતી ગઈ જળ કારણે;
સોંપ્યો નોળને પેલો પુત્ર, તુજ સારૂ એ છે ઘરસૂત્ર.

રખેને એહને રોવરાવતો, રીસ કરી રખે મારતો;
બાળક ડપકો દેશો મને, તો હું ગાળો દેઇશ તને.

સોંપી બાળ જળ ભરવા ગઈ, વાર ઘડી બે ચારેક થઈ;
ચડયો પારણે મોટો નાગ, બાળકને ડસવાને લાગ.

અંગૂઠે વળગે જેટલે, નોળે તે દીઠો તેટલે;
રે મારા બાંધવને ખાય, એ પાપી ક્યાં નાસી જાય ?

એમ કહીને દીધી દોટ, કરડવા પહેલી ઝાલી કોટ;
મરડી કીધા કટકા સાત, એવે આવતી દીઠી માત.

વધામણી ખાવા કારણે, નોળ ગયો સામો બારણે;
વાચા નહિ તે બોલે કેમ, આવી ઉભો સામો તેમ.

મુખ લોહીયાળું પેલે કર્યું, જાણ્યું માએ બાળક મર્યું;
દીઠું લોહીયાળું જે મુખ, દાવાનળ થઇ લાગ્યું દુઃખ.

અરે પાપી તું કૂડો કાળ, માર્યો મારો નાનો બાળ;
નાંખ્યું બેડું તેની દીશ, મુઓ નોળ ચગદાયું શીશ.

ઘરમાં આવી માતા જુએ, પોઢયો બાળક પારણે રૂવે;
બોલ્યો બાળક આપોઆપ, મુજને ખાતો'તો આ સાપ.

એ નોળે માર્યો આ ઠામ, નહિતર મારૂં કરત જ કામ;
એમ કરી ચેતાવી માત, પડયા દીઠા કકડા છે સાત.

કરી કલ્પાંત ઘસ્યા પછી હાથ, બળવા માંડયું તેની સાથ;
જીવ કાઢવા તત્પર થઈ, શિક્ષા લોકે તેને કહી.

પ્રથમ મન સમજી નહિ માંય, હવે હાથ ઘસવે શું થાય?
તને વિમાસણ કરવી પડી, જો ચેતી નહિ પહેલી ઘડી

સાહસ કર્મ કર્યા થકી, હોય હર્ષનો નાશ;
દેખો એ દષ્ટાંતથી, કહે કવિ શામળદાસ.

બગલાની વાર્તા

કામકળા કહે જોડી હાથ, એક કહું ઉત્તમની વાત;
હિમાચળ પાસે એક વન, તે જોતાં હરખાયે મન.

આંબા જાંબુ ને પીપળા, વડ વિવેકી દીસે વડા;
કોયલ મોર ટહુકા કરે, તે સાંભળતાં હઇડું ઠરે.

એક સરિતા કેરે તીર, મોટો વડ છે ઘોર ગંભીર;
વડ ઉંચો છે જોજન એક, શાખા તેની છે વીશેક.

તે ઉપર બગલાનો ઠામ, મોટો બગ એક ધર્મી નામ;
વૃદ્ધ થયો ને થાક્યો દેહ, ભક્ષ ભોજન મળે નહિ તેહ.

બીજા બગ સૌ ચરવા જાય, પેલો બેઠો તે નવ ઉઠાય;
સંભાળે પોતાનું કર્મ, ઉદ્યમનો નવ રાખે મર્મ.

સ્ત્રીપુત્ર તો રીસ જ કરે, લાવી કષ્ટે પેટ જ ભરે;
નારી કહે કાંઇ ઉદ્યમ કરો, કર્મ તણો તો નહિ આશરો.

વૃદ્ધ બગ કહે વનિતાને વાણ, મૂરખ સૌ છો તમે અજાણ;
જે લખ્યું હોયે કર્મ જ માંય, કોટિ ઉપાયે પરૂં નવ થાય.

સ્ત્રીને રીસ ચડી છે ઘણી, કર્મ સારૂ બેસી રહે—ગણી;
ખાવા પીવા ન આપ્યો આહાર, કર્મી દુઃખ પામ્યો તે ઠાર.

કર્મ ઉપર રાખ્યું છે મન, પાંચ દિવસ ન પામ્યો અન્ન;
પેટ અંગ સૌ ગળી છે ગયું, ઉદ્યમ ઉપર મનડું થયું.

બગલો કહે સ્ત્રી, સાંભળ વાત, તું કહે તે કરૂં સાક્ષાત;
કર્મ ઉપર આવ્યો છે કોપ, તુજ વચન હું કરૂં નહિ લોપ.

સ્ત્રી કહે સત્ય કહું મહારાજ, ઉદ્યમ કરે તે પામે રાજ;
કર્મી ઉદ્યમ કરવા ગયો, મહા સરોવર પર જઇ રહ્યો.

નિર્બળ છે તેનું જ શરીર, જઇ બેઠો સરોવર તીર;
રંક સરખો થઇ બેસી રહ્યો, એમ કરતાં દિવસ એક ગયો.

સરોવરમાં છે મચ્છ અપાર, મનમાં પોતે કર્યો વિચાર;
બગલો તો મહાજ્ઞાની હોય, જાતિ સ્વભાવ મૂકે નહિ તેય.

પાપનો થયો છે પશ્ચાત્તાપ, માટે મૂકયો અધર્મ આપ;
મોટા મચ્છ હતા જેટલા, આવ્યા બગ પાસે તેટલા.

કરી પ્રણામ ને ઊભા રહે, કુશલ છે એમ મુખથી કહે;
ધર્મી બગલે ધુણાવ્યું શીશ, પૂછે મચ્છને તેને દીશ.

મચ્છ કહે મામા બગ સુણો, મનની વાત અમ આગળ ભણો;
બગ કહે સુણો મચ્છ સહુ, તમારું દુઃખ હૈડે છે બહુ.

મુજને દુઃખ છે તમારું ઘણું, દાઝે છે હૈડું અમ તણું;
પુછે મચ્છ એ શી છે વાત, તે વિસ્તારીને કહો ખ્યાત.

આજ હું ધર્મલોકમાં ગયો, સાંભળી વાત દુઃખીયો થયો;
બાર વરસ નહિ આવે મેહ, દુઃખ પામશે તમારી દેહ.

શીતળ સરોવર સુકાઈ જશે, શી ગત ભાણેજાંની થશે;
સુકાશે સરોવરનું નીર, સર્વ મરશો આણે તીર.

કૂડું વચન એમ બગલે કહ્યું, મચ્છ બિચારે સાચું લહ્યું;
કહે મચ્છ અમને સુખ થાય, મામા એવો કરો ઉપાય.

તમો સમર્થ છો પંખીના ધણી, અમ પગ વિનાનાને ચિંતા ઘણી;
બગલો બોલ્યો ક્ષણું એક રહી, મનમાં કપટ ને રાંકડો થઈ.

આવો અમો વસું છું જ્યાંય, અખૂટ સરોવર છે એક ત્યાંય;
અખૂટ સરોવર કેરું નીર, સુખે રહો સૌ તેને તીર.

મચ્છ મનમાં વિચાર જ કરે, ત્યાં જવાની મનસા ધરે;
પંથ વેગળો, કેમ જવાય? ચરણ વિના અમે કેમ ચલાય?

કહે બગ બેસો ખાંધે ચડી, પહોંચાડું સરોવર આ ઘડી;
એ ચારેક તે ઉપર ચડે, અદકા ધરકે નહીં ઉપડે.

મચ્છ લઇને ઘેર જ જાય, સર્વનાં મન રળીયાત જ થાય;
બગ જીવ્યો નારી છોકરાં, સર્વ પરિવાર જીવ્યાં ઉછર્યાં.

મચ્છ ન સમજ્યા બીજા મર્મ, જાણે નહિ બગલાનું કર્મ;
નિત્યે ચારો લઇને જાય. આઘો જઇને તેને ખાય.

વળી બીજે દિન આવે ફરી, ચાર મચ્છ લઇ જાયે હરી,
ઘર જઇને કહે સાચો મર્મ, મારો ઉદ્યમ ને તમારૂં કર્મ.

બીજે દિવસે આવી રહે, દીલ વાસ કુશળ છે કહે;
કહે સંદેશો કહાવ્યો છે મછે, અમો અહીંઆં રહું છું સુખે.

કર્મવંતા મચ્છ આગળથી જાય, જો જો ઉદ્યમનો મહિમાય;
બગલે જઇને સ્ત્રીને કહ્યું, ઉદ્યમ કરતાં દુઃખડું ગયું.

કર્મ સારૂ બેસી રહ્યા નેટ, ત્યારે નહોતું ભરાતું પેટ;
થોડે થોડે સૌ આવશે, એક વર્ષ સુધી ચાલશે.

રાજબીજ

રાજ્ય મળ્યું તો શું થયું? કરજો વિચાર કોય;
જાણે નીતિ રાજ્યની, રાજબીજ જો હોય.
તજી અયોધ્યા અવધપતિ, વિચરતાં વનવાસ;
પુર બહાર મળિ સૌ પ્રજા, અંતર થઇ ઉદાસ.

કર જોડી જન સૌ કહે : કોણ અમારો રાય?
પાળનાર નિશ્ચે કરી વળતી થાઓ વિદાય.

ત્યાં બાળક રમતાં હતાં જૂદી જૂદી જાત;
એકે એકે તેહને રામે પૂછી વાત.

તુજને સોંપું રાજ્ય તો કેમ કરે તું રાજ્ય?
સુણી બોલ્યા પ્રત્યેક તે અહીં લખું છું આજ.

હજામનો છોકરો

સોનાનો સજાયો ને શલાડી યે સોનાની કરૂં,
ચાંદીનો તો ચીપીયો કરાવીને વતાં કરૂં.

નરેણીએ લટકાવું લૂમખાં હીરા મોતીનાં!
ખોટું નહિ, વચન આ કહું છું ખરેખરૂં!

કાતર ને કાંસકો કરાવું ઉંચા કુંદનનો,
કોથળી તો કીનખાબની વિશેષ વાપરૂં; ?

મળે રાજગાદી તો આ ખાદીનો રૂમાલ ખોઈ
ઉમદા એકાદી શાલ પાથરણે પાથરૂં?

તરગાળાનો છોકરો

કૂકડાં ને કૂતરાં ભલાં ભલાં ભેળાં કરીયે,
પાડા ને ગધેડા પણ પાર વિના પાળીયે!

નાચીયે ને કૂદીયે, ન રાખીયે લગાર લાજ,
ગોઠમાં ને રમતમાં દિન રાત ગાળીયે!

ઉંચી આંખો રાખી રોજ ચાલીયે ચૌટામાં ચાહી,
નીચાં નેણ કરી શીદ ભૂમિ ભણી ભાળીયે ?

મળે રાજપાટ તો ઉચાટ ચિન્તના તજીને,
ભરા મૂઠી છાંડી, છતે રૂપૈયા ઉછાળીયે ?

ભીખારીનો છોકરો

ગોળની કરાવું ગાડી, સાકરનો સુખપાલ,
ખાંડની તો ખુરસીમાં બેઠા ગીત ગાઇયે ?

પેંડા ને પતાસાં ખાતાં હાર કરી હૈયે ધરૂં,
કચેરીમાં બેઠા બેઠા ખાંતે ખાંતે ખાઇયે ?

પોતે પૃથ્વીપતિ, પછી કેના બાપની છે તમા ?
સુજે તેમ કીજીએ, શામાટે શરમાઇયે ?

વાણીયાનો છોકરો

દરબાર ખાતે દેશો દેશમાં દુકાનો કરી
સંપડાવીયે વિશેષ નાણું તો શરાફીએ !

આલે નહિ તેટલા જ રાખીયે ચાકરીયાત.
લગાર લગાર તો પગાર સૌના કાપીએ !

કવિ, ગુણી, પંડિત કે આવે કોઈ આશા ધરી,
કોઇને કદાપિ એકે દમડી ન આપીયે !

મળે મને રાજ્ય તો હું કાજ એવું મોટું કરૂં;
થાપણ કરોડ બે કરોડ કરી થાપીયે ?

બ્રાહ્મણનો છોકરો

બ્રાહ્મણ કહે જો ભલા ભાગ્યથી હું ભૂપ થાઉં,
મેનામાં બેસીને રોજ જાઉં ભિક્ષા માગવા!

મોટા મોટા વરો કરી હું જ વખણાઉં અને
બ્રાહ્મણ બીજાનાં અભિમાન લાગું ભાગવા!

વાડીઓમાં તુંબડાના વેલા વવરાવું અને
દરભના પૂળા તો અનેક રાખું આગવા!

આવે શત્રુ ભોજ તેને આપું હું આશીરવાદ,
બ્રાહ્મણ જાણીને તે તો લાગે પગે લાગવા!

સર્વ જને સુણીને કર્યો મન નિશ્ચય મજબૂત,
રાજબીજ જે હોય તે રાજ્ય યોગ્ય રજપૂત.

દરબારમાં કણબી

સાંભળ, એક સુલતાન મનમાં મોટું ધરતો માન;
પુત્ર પટેલ તણો તે પાસ, કારજ કરવા ગયો પ્રકાશ.
કરી તુંકારો ઉચર્યો કામ, શિર નમી નહિ કરી સલામ;
ભાસ્યો નહિ ભોળાનો ભેદ, ક્રોધ કરીને કીધો કેદ.

ભૂખણ તેનો મોટો ભાઈ, ચાલ્યો સુણી ચોપે ચિત્ત ચ્હાઈ;
ધાર્યું જે ધીરજ મન ધરું, સલામ બેવડી સારી કરું.
દુંદાળો દીઠો સુલતાન, હરખે જઈ બોલ્યો હેવાન;
સલામ દિલ્લીના શાહને, વળી સલામ વડી દુંદને!
ખરેખરો સુણી ઉપજ્યો ખેદ, કીધો ત્યાં તેને પણ કેદ.

બની વાત સુણી તેનો બાપ, આવ્યો શાહ સમીપે આપ;
પ્રેમ ધરીને કરી પ્રણામ, ઠીક કરી બોલ્યો તે ઠામ:
લોક તણી તમ હાથે લાજ, માફ કરો અવગુણ મહારાજ.
શાહ કહે તારો સુત એક, સમજ્યો નહિ સલામ વિવેક;
મુખે સલામ બીજે કહી મને, દુજી સલામ કહી દુંદને;
કારણ એથી કેદ જ કર્યો; એવું પટેલ સુણી ઉચ્ચર્યો:
તમને સલામ ન કરી તેજ, મોટો મૂરખ માણસ એ જ;

બીજો પણ છે બહુ બકનાર, ચિત્તમાં ચેતી ન કર્યો વિચાર
સાહેબને•કરીયે સલામ, કહોને દુંદ તણું શું કામ ?
હેતુ તો સુલતાન જ હતા, દુંદે ધરવો'તો દેવતા ?
ઝાઝી એ સુણી લાગી ઝાળ, કેદ કર્યો તેને તત્કાળ.

સુરી પટેલ તણો જે સગો–ભૂપતિ આગળ આવ્યો ભગો
કરી સલામ કહ્યું તત્કાળ, પટેલને છોડો ભૂપાળ.
છે મારે સાંકડી સગાઈ અમે બન્ને આંગળીયા ભાઈ.
રાજી થઇને પૂછે રાય, કેને આંગળીયા કહેવાય?
દેતો'તો ઉત્તર દિવાન, હું કહું કહી બોલ્યો હેવાનઃ
પાચ્છાનો મરી જાય પિતાય, પાચ્છાની મા નાતરે જાય;
પ્રસવે પુત્ર એહને ત્યાંઈ, એ પાચ્છા આંગળીયા ભાઈ!
કાપત સુણી માથું તે કાળ, હુકમ કર્યો જે પૂરો હાલ.

ચારે ચકલે ચાલી વાત, જથ્થે થઈ કણબીની જાત;
દીઠા બે જણ ડહાપણદાર, તેને ત્યાં કીધા તૈયાર.
સાહેબ પાસ તમે સાંચરી કહો ઘણી આજીજી કરી;
જીવાડો તો તો જીવીયે, છેક તમારા છોરૂ છીએ.
પ્રજા તણા છો માતાપિતા, શબ્દ એવા કહો શોભિતા;
ચડે દયા રાજાને ચિત્ત, પટેલ છૂટે પુત્ર સહિત.

જુગતિ સુણીને બે જણા અંતરમાં ધરી આશ
આવ્યા અરજ ઉચારવા પાદશાહની પાસ.

બીતા બીતા એ જણા ઉચર્યા એવું આપ:
તમે અમારાં છોકરાં, અમે તમારા બાપ!

શબ્દ સુણી સુલતાન તે ખીજી પામ્યો ખેદ,
હાલ હાલ હુકમે કરી કીધા તેને કેદ.

કોઈએ વાત જઈ કહી, જ્યાં કણબીની જાત;
પ્રધાન પાસ ગયા પછી નર જે કણબી નાત.

પ્રીતે કહી પ્રધાનને વળિ વળિ વિગતે વાત.
પ્રધાન બોલ્યો પ્રેમથી, સુણો સહુ સાક્ષાત.

અધિપતિ આવે અવસરે માને નહિ મુજ વેણ.
બેગમ બોલે બે કથન, કાંઈક માને કહેણ.

પછી બેગમ પાસે ગયા કણબી કરી વિચાર.
પ્રણામ કરી સૌ પ્રેમથી, એવા કર્યો ઉચાર:

સંકટ પડીયું સામટું, તે માટે તુજ પાસ
આજ સર્વ આવ્યા અમો, ઉગરવાની આશ.

ધણી ધિરજ નથી ધારતા, વાત ન સુણે વજીર,
તોય અમારી શાણી તું ધણીઆણી છે ધીર.

બોલી બેગમ બોલતાં, ભારે રીસ ભરાઈ:
કણબીની ધણીઆણી તો કણબણને કહેવાય.

એમ કહી એ અવસરે હુકમ કરીને હાલ,
કેદ કરાવ્યા કણબીને, ક્રોધ કરી તત્કાળ.

વાત વિગતવારે કહી પૃથ્વીપતિની પાસ;
પતિએ કહ્યું પ્રધાનને, કરશો નહિ કચાશ.

મૂરખ એવા માનવી જે કણબીની જાત,
મારી કાઢો મુલકથી, રહે ન એકે રાત.

પ્રધાનમાં ડહાપણ ભરપૂર, હેતે બોલ્યો શાહ હજૂર,
કણબી આકરી ચાકરી કરે, કણ પકવી કોઠારો ભરે.
મને હુકમ આપો મહારાજ, કેને લઈ સોંપું એ કાજ?

પૃથ્વીપતિ વિચારે પડ્યો, જન એકે એવો નહિ જડ્યો,
કરી શકે કણબીનાં કામ હૈયામાં રાખીને હામ.

પછી બોલ્યો પોતે પરધાન, કથન કહ્યું તે ધારો કાન;
રૂડું કણબીથી છે રાજ, એમાં તો સંશય નહિ આજ;
અધિક વસે છે વરણ અઢાર, કણબી સૌનો પોષણકાર.

નહિ તિથિ વણ મહિનાનું નામ, ગણાય નહિ કણબી વણ ગા
તે કણબીના ગુણ અતોલ, પણ બોલી નહિ જાણે બોલ.

રૂઠે કણબી શિર જે રાય, પછી ઘણો મનમાં પસ્તાય;
તમે તજો તે માટે રીસ, આપો કણબીને આશીષ.

શીતળ થયો સુણી સુલતાન, મેલ્યા કણબીને દઈ માન;
જમ્યા રમ્યા કણબી ઘર જઇ, મશ્કરી તો મહીપતની થઇ

ટેકચંદ શાહ

દોઢચતુર કો વિરલો હતો, ટેકચંદ ઉપમા રાખતો.
કામકાજ શું આદિ વેર, નવરો બેસી કરતો કેર.

માતપિતા સમજાવે ઘણાં, લાડ કહ્યું ન કરે તે તણાં;
માતપિતા તે સ્વર્ગે ગયાં, નહિ વ્હાલાં કો પાસે રહ્યાં.

પૂંજી આઠ રૂપીયા નીકળી, ટેકચંદ શાહને તે મળી;
ગયો બજારે તે તત્કાળ, વ્હોર્યો સર્વ બિસારી માલ.

ભાડે રાખી એક દુકાન, તે મધ્યે મૂક્યો સામાન;
બેઠા થઇ વેપારી નવા, સુણજો શું બેઠું છે થવા.
પીઠ ભીંત સાથે અથડાય, નવા માલ પર ધરિયા પાય;
ઘરાકની જોતાં તે વાટ, ભળતા મનમાં ઘડતો ઘાટ.

આઠ તણા સ્હેજે સો કરૂં, સોના બસો થવા આદરૂં;
બસો તણા તો એ જ હજાર વેપારે શી કરતાં વાર!

આંખ મીંચતાં જેટલી વાર, હજાર બેના કરતાં ચાર:
ચાર આઠ ને સ્હેજે સોળ, બત્રીશ તો બોલતાં બોલ!

હજાર ચોસઠ પાછળ લાખ, એમાં, જીવ! નવ સંશય રાખ
લાખે લેખાં હવે લખાય, આ ધંધો મુજથી નહિ થાય!

લઉં હીરા માણેક ઝવેર, બનું ઝવેરી રૂડી પેર,
પુર મધ્યે પ્રખ્યાતિ થાય, જ્યાં ત્યાં મુજ ગુણયશ બોલાય.

મિત્ર થતા આવે જન મહાન, દેખે જ્યાં મુજને ધનવાન;
રાજારાણા સાથે ફરૂં! દિવાનની દિકરીને વરૂં!

બાંધું એક બિલોરી મ્હેલ, મુજ અનુભવેન તે તો સ્હેલ!
શણગારૂં શણગારે સાર, જોતાં મોહે સૌ નરનાર!

વળતી વહુ આવે સાસરે, સ્તબ્ધ હાક દેખાને કરે:
કરડે વેણે કરતાં વાત, મારૂં એક ફરીને લાત!

સુણો સર્વ આ ઉન્મત્તમતિ ટેકચંદ શાહની કહું ગતિ:
લીન હતા આ ચિંતન માંય, મન બદલે વાપરીયો પાય.

લાત સાથ તૂટી સહુ આશ, કાચપાત્રનું સત્યાનાશ;
આઠ રૂપૈયા થાપણ ફિટી, રહ્યા શેઠ ખજવાળી મુંડી!

પશુઓનું પંચ

પશુમાં પડી એક તકરાર,
વાદ વિવાદ ચલાવા પોતે તુર્ત ભરી દરબાર,
અને ત્યાં બેઠાં નર ને નાર. પશુમાં૦

ગાય

ણુ ગુણોની ગણના કરશે ? ગરીબડી હું ગાય,
વાછરડાં વલવલે બિચારાં ને પય બીજાં ખાય;
જુલમનો તો પણ ક્યાં છે પાર ? પશુમાં૦

કુતરો

દાર હું પ્રાણી પ્યારૂં ખાઈ ધણીનું ધાન,
હલાલ તેનું નિમક કરૂં છું, મનમાં રાખી માન;
રાતદિન સેવા છું કરનાર. પશુમાં૦

ગધેડો

મૂર્ખ માનવી મને હસે, પણ કોણ ઉપાડે ભાર ?
મણબંધી બોજા લાદે ને ચાલું બિનતકરાર;
કહો જન જાણે ક્યાં ઉપકાર ? પશુમાં૦

ઘોડો

તન તોડીને સેવા આપું, ખાઉં કદિ નહિ હાર,
માલિકને લઈ રસ્તો કાપું, કરી પીઠ પર સ્વાર;
કરે છે કોણ કહો દરકાર ? પશુમાં૦

ઊંટ

મુસાફરીમાં માર્ગ કાપવા કરૂં ફીકર હું દૂર,
મુજ જળ કાજે જીવ લીએ છે કોઈ મુસાફર ક્રૂર,
કરૂં છું મરતાં પરોપકાર. પશુમાં૦

હાથી

રાજાની અંબાડી કેરો મુજ પર છે આધાર,
મુજ પગલાંથી શોભે સ્વારી, દીપે વળી દરબાર;
શ્રેષ્ઠ છું પશુમાં હું સરદાર. પશુમાં૦

બકરો

ન્યાય મળે નિર્દોષીને ક્યાં ? તલ નહિ આપું ત્રાસ,
તોય તપે છે ખાવા કાજે માણસ મારૂં માંસ;
બનું છું કસાઇ કરથી ઠાર. પશુમાં૦

બળદ

મુજ બળથી હળ ખેડુત ખેડે, મુજ પર કુલ આધાર
હું જ ઉપાડું બોજ રોજનો વાહન કે વ્યાપાર;
ઘડીનો હોય ન તોય કરાર. પશુમાં૦

ખર બકરો ને બળદીયો, ગજ ઘોડો ને ગાય,
પ્રાણી બિચારાં પારકી આશા પર અથડાય.
મોટાં કામે ખલકમાં દડે જે દરબાર,
પશુ પંખીને પીડતાં કોપે નહિ કિરતાર ?

ઊંટ કહે —

ઊંટ કહે, આ સમામાં વાંકાં અંગવાળાં ભૂંડાં,
ભૂતળમાં પશુઓ ને પક્ષિઓ અપાર છે!
બગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી,
કૂતરાની પૂંછડીનો વાંકો વિસ્તાર છે!
વારણની સૂંઢ વાંકી, વાઘના છે નખ વાંકા,
ભેંશને તો શિર વાંકાં શીંગડાંનો ભાર છે!
સાંભળી શીયાળ બોલ્યો, દાખે દલપતરામ,
અન્યનું તો એક વાંકું, આપનાં અઢાર છે!

પ્રાર્થના

માગું માગું, હો ઈશ્વર આપ રે,
પ્રાણી માત્રના માય ને બાપ રે,
જેની શક્તિનું નહિ માપ રે;
પાય લાગું માગું પ્રભુ એટલું.

માગું માગું પ્રથમ તમ પ્રેમ રે.
રાખો રાખો અમ પર રહેમ રે,
તમ રહેમે જ રહીયે ક્ષેમ રે;
પાય લાગું માગું પ્રભુ એટલું.

માગું માગું કુશળ મારી માતને,
માગું માગું કુશળ મારા તાતને,

માગું કુશળ ભાંડુઓના સાથને;
પાય લાગું માગું પ્રભુ એટલું.

માગું માગું અમને તમે પાળજો,
અન્ન વસ્ત્ર ને આબરૂ આપજો,
આપી સુખ સૌ સંકટ ટાળજો;
પાય લાગું માગું પ્રભુ આટલું.

માગું માગું હું આણી વ્હાલને,
આપો આપો સુબુદ્ધિ હું બાળને,
કાપો કાપો બધી જ કુચાલને;
પાય લાગું માગું પ્રભુ આટલું.

માગું માગું માબાપની સેવ રે,
સદા સાચું જ બોલ્યાની ટેવ રે,
મારા મનનો હશે અહમેવ રે;
પાય લાગું માગું પ્રભુ એટલું.

માગું માગું માયાળુ સ્વભાવ રે,
મીઠા બોલ ને સૌ પર ભાવ રે,
છે જેથી જ જગમાં નિભાવ રે;
પાય લાગું માગું પ્રભુ એટલું.

માગું માગું સુમાર્ગ બતાવ રે,
મારા દિલમાં દયા તું વસાવ રે,

પરમારથ પૂર્ણ કરાવ રે;
પાય લાગું માગું પ્રભુ એટલું.

માગું વિદ્યાનું વ્યસન લગાડજે,
મારી અંતર આંખ ઉઘાડજે,
શુદ્ધ સત્યનો સુરજ ઉગાડજે;
પાય લાગું માગું પ્રભુ એટલું.

મેં આ માગ્યું, હું માગવા જોગ રે.
બાપ આપ છો આપવા યોગ્ય રે.
હવે આપો જે હોય આરોગ્ય રે;
પાય લાગું માગું પ્રભુ એટલું.

પાલી મગ

પાલી મગ મારા પાછા લાવજો.

હાલાર જાઓ તો મને કહેતા જાજો.
હાલાર શહેરથી હાથીડા લાવજો,
પાનસોપારી, પાનનાં બીડાં, એલચ્યાં ઘોડા,
ભગરી ભેંસ, ભુરીયો પાડો;
પાલી મગ મારા પાછા લાવજો.

ચીતળ જાઓ તો મને કહેતા જાજો.
ચીતળ શહેરથી ચુંદડી લાવજો,
પાનસોપારી, પાનનાં બીડાં, એલચી દોડો,
ભગરી ભેંસ, ભુરીયો પાડો;
પાલી મગ મારા પાછા લાવજો.

ઘોઘે જાઓ તો મને કહેતા જાજો.
ઘોઘા શહેરથી ઘોડલાં લાવજો,
પાનસોપારી, પાનનાં બીડાં, એલચી દોડો,
ભગરી ભેંસ, ભુરીયો પાડો;
પાલી મગ મારા પાછા લાવજો.

સુરત જાઓ તો મને કહેતા જાજો.
સુરત શહેરથી હીરા લાવજો,
પાનસોપારી, પાનનાં બીડાં, એલચી દોડો;
ભગરી ભેંસ, ભુરીયો પાડો;
પાલી મગ મારા પાછા લાવજો.

દાડમ લુમે ઝુમે છે

કપુરીયો પાલો હીંગળો રાજ,
દાડમ લુમે ઝુમે છે.

તમે એક વાર ઘોઘે જાજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.

ઘોઘાના ઘોડલા વાળજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.
તમે એક વાર ચીતળ જાજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.
ચીતળની ચુંદડી લાવજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.
લાવો તો બે જોડ લાવજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.

તમે એકવાર પાટણ જાજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.
પાટણનાં પટોળાં લાવજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.
લાવો તો બે જોડ લાવજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.

તમે એકવાર સૂરત જાજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.
સૂરતના સાલ્લા લાવજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.
લાવો તો ઝાઝા લાવજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.

કણજર કાકો

સૌ જાત જુઓ નીહાળી આજ,
કણજર કાકો પરણે છે.
મેં નવી તરેહની ભાળી રાજ,
કણજર કાકો પરણે છે.
ઢીમડીયો ઢોલ વગાડે રાજ,
કણજર કાકો પરણે છે.
રીંગણું તો રંગ વજાડે રાજ,
કણજર કાકો પરણે છે.
ગાજરની શરણાઇ વાજે રાજ,
કણજર કાકો પરણે છે.
ભીંડાભાઈ આગે ભાગે રાજ,
કણજર કાકો પરણે છે.
ડુંગળીબાઈ ટોળા તાણે રાજ,
કણજર કાકો પરણે છે.
મરચું બહુ મોજે માણે રાજ,
કણજર કાકો પરણે છે.

મૂળો તો મૂછો મરડે રાજ,
કણુજર કાકો પરણે છે.
મોગરી વેષે ઘરડે રાજ,
કણુજર કાકો પરણે છે.
તાંજળીયો ભેગો તાજો રાજ,
કણુજર કાકો પરણે છે.
મેથીને ન મળે માંજો રાજ,
કણુજર કાકો પરણે છે.
હડબડતાં કોળાં દીઠાં રાજ,
કણુજર કાકો પરણે છે.
છે સાથે ચીભડાં મીઠાં રાજ,
કણુજર કાકો પરણે છે.
વાલોળ વહુ બેઠાં વેલમાં રાજ,
કણુજર કાકો પરણે છે.
હળદર વહુ હાલે હેડાં રાજ,
કણુજર કાકો પરણે છે.
ગયા રાંધણપુરની પાસે રાજ,
કણુજર કાકો પરણે છે.
લુણી વહુ વર્યાં હુલાસે રાજ,
કણુજર કાકો પરણે છે.

લેલી

લેલી બીચારી લેલડી જી રે, લેલીનાં લગન લખીયાં જી રે,
લખીયાં સાતમ સોમવાર, લેલી૦
લેલી બીચારી લેલડી જી રે, લેલી ખુંદે છે ગાર. લેલી૦
ગધેડું ચાલ્યું ભાલમાં જી રે, લાવ્યું ગોરઠીયા ઘઉં. લેલી૦
મંકોડો ચાલ્યો માળવે જી રે, લાવ્યો માળવીયો ગોળ. લેલી૦
કીડી ચાલી જળ જોરમાં જી રે, લાવી ઘેવરીયાં ઘી. લેલી૦
વઇ બેઠી વડાં કરે જી રે, તેતર પૂરે છે તેલ. લેલી૦
સમળી વેવાણ આવી ચાખવા જી રે, વેવાણ વડું ચખાડ. લેલી૦
અડધું તે વડું આલીયું જી રે, મીઠું થોડેરૂં થાય. લેલી૦
મોર તે રોપે માંડવો જી રે, સૂડો રોપે થંભ. લેલી૦
ટીટોડી બેઠી ટેકરે જી રે, જુએ જનુની વાટ. લેલી૦

ઉંડાણમાં તે રીડીયા રીડ છે જી રે, સાસાં લુંટે છે જાન. લેલી૦
લૂંટયા કીડીના વેઠલા જી રે, મંકોડાના લૂંટયા વેઢ. લેલી૦
તેતર તે ત્રાટાં બીહીયાં જી રે, તેતર તાણે તલવાર. લેલી૦
ઘોએ ઘરચોળાં પહેરીયાં જી રે, કાકીડાની ઢળકે ઢાલ. લેલી૦

મોર

મોર મોર, ક્યાં થઈને જઈશ ?
કળાયેલ મોરલો રે.
રતીલાલનું ઘર ઠેકી જઈશ,
કળાયેલ મોરલો રે. મોર મોર૦
ઘર પાછળ કાળુઠો નાગ,
કળાયેલ મોરલો રે.
નાગ રોકી બેઠો છે માગ,
કળાયેલ મોરલો રે.
મારગે ઉડીને જઈશ,
કળાયેલ મોરલો રે. મોર મોર૦

ઘર પાછળ નદીઓ નવાણુ,
કળાયેલ મોરલો રે.
ઘરમાંથી ચાલે છે વહાણુ,
કળાયેલ મોરલો રે.
વહાણ હું ઠેકીને જઈશ,
કળાયેલ મોરલો રે. મોર મોર૦

ઘર પાછળ કાંગની વાડ,
કળાયેલ મોરલો રે.
ઝાઝાં છે ઝાડી ને ઝાડ,
કળાયેલ મોરલો રે. મોર મોર૦

ઝાડ એ મેડી ને મ્હેલ,
કળાયેલ મોરલો રે.
તેમાં મારી બેઠી છે ઢેલ,
કળાયેલ મોરલો રે.
ઢેલ મારી જોઈ રહી વાટ,
કળાયેલ મોરલો રે.
રહીશ ત્યાં દિવસ ને રાત,
કળાયેલ મોરલો રે. મોર મોર૦

વીંછીડો

હું તો છાણું વીણુવા ગઈતી મા, વીંછીડો, વીંછીડો;
હુંઓ હુંઓ વીંછીડો !
મને વીંછીડે ફટકાવી મા, વીંછીડો વીંછીડો;
હુંઓ હુંઓ વીંછીડો !
કાળો ને કાદવીયો મા, વીંછીડો વીંછીડો;
હુંઓ હુંઓ વીંછીડો !
મારી આંખો પેઠી ઉંઠી મા, વીંછીડો વીંછીડો;
હુંઓ હુંઓ વીંછીડો !
કોઇ જોશીને તેડાવો મા, વીંછીડો વીંછીડો;
અરરર માડી વીંછીડો !
કોઇ ડોશીને તેડાવો મા, વીંછીડો વીંછીડો,
અરરર માડી વીંછીડો !
માડી વીંછીડો ઉતરાવો મા, વીંછીડો વીંછીડો;
અરરર માડી વીંછીડો !
વીંછીની વેદના મોટી મા, વીંછીડો વીંછીડો;
અરરર માડી વીંછીડો !
હું રાંક થઇને રોતી મા, વીંછીડો વીંછીડો;
અરરર માડી વીંછીડો !

ગોપીચંદનો રાસડો

સોનલા વાટકડી, રૂપલા કાંચકડી,
બાળુડો જોગી ન્હાવા બેઠો રે, ભરથરી.

હાથ પગ ચોળે એના ઘરની રે નારી,
વાંસનો મોઠ ચોળે માય રે, ભરથરી.

નહિ રે વાદળ, નહિ વીજળી,
ઓચિંતાં નીર ક્યાંથી આવ્યાં રે? ભરથરી.

એવી રે કાયા તારા બાપની હતી જો,
એવી રે કાયાને મૃત્યુ આવ્યાં રે, ભરથરી.

કહો તો માતાજી બાવલીયો બની જાઉં જો,
કહો તો લઉં ભગવો ભેખ રે, ભરથરી.

દેસ જાજે દીકરા, પરદેશ જાજે જો,
ન જઇશ બેની બાને દેશ રે, ભરથરી.

દેશ જોયા રે માતા, પરદેશ જોયા જો,
બેનીનો દેશ નથી જોયો રે, ભરથરી.

સરોવરીયા પાળે આંબલીયાની ડાળો જો,
ત્યાં ઉતરી જોગીની જમાત રે, ભરથરી.

નણંદની દીકરી, સોનબાઈ છે નામ જો,
સોનબાઇ પાણીડાની હાર રે, ભરથરી.

કહો તો ભાભી, તમારા ભાઇને દેખાડું,
કહો તો દેખાડું બાળુડો જોગી રે, ભરથરી.

સાચું બોલો તો સોનબાઈ સોનૈયે મઢાવું જો,
ખોટું બોલો તો જીભડી વાઢું રે, ભરથરી.

કડે સાંકળીએ મેં એને દીઠો જો,
બાળુડો જોગી કેમ ઓળખાય રે ? ભરથરી.

ચાલો દેરાણી, ચાલો જેઠાણી,
બાળુડો જોગી જોવા જઇએ રે, ભરથરી.

થાળ ભરી શગ મોતીડાંનો લીધો જો,
વીરને વધાવાને જાય રે, ભરથરી.

હાલરડું

મીઠાં બાળકડાં, પોઢે.જી રૂમઝુમ પારણે રે.

હેડાં માતલડીનાં સાગર જેવાં ડોલતાં રે લોલ!
મીઠાં બાળકડાં, પોઢોજી રૂમઝુમ પારણે રે.

નયણાં કોમળડાં ઢાળો તે નીંદર ગોદમાં રે,
મુખડાં થાકયાં વ્હાલાં બોલ બટુકલા બોલતાં રે લોલ!
મીઠાં બાળકડાં પોઢોજી રૂમઝુમ પારણે રે.

લહરી આવે ઝીણું ગુંજતિ સૌરભ ઢોળતી રે,
મારાં લાડકડાંની ચુમશે મિઠડી આંખડી રે લોલ!
મીઠાં બાળકડાં પોઢોજી રૂમઝુમ પારણે રે.

પારણિયે વેરે ચાંદલિયો છુપલાં તેજને રે,
મારાં મોંઘેરાંની પુરશે કુમળી પાંખડી રે લોલ!
મીઠાં બાળકડાં પોઢોજી રૂમઝુમ પારણે રે.

આંગણિયે પ્રભુજીની સ્નેહપ્રભા ઝીણી રેલશે રે,
ત્યારે ઝાલવા તેને નયણાં ઉંડાં ખોલજો રે લોલ!
મીઠાં બાળકડાં પોઢોજી રૂમઝુમ પારણે રે.

ફુલ હોઠલડે મુખડે વ્હાલાં! હાસ્ય રમાડતાં રે,
હૈડાં માતલડીનાં હર્ષભરી હિંચોળજો રે લોલ!
મીઠાં બાળકડાં પોઢોજી રૂમઝુમ પારણે રે.

મહેમાની

તમે કયાંથી આવ્યા ને કયાં જાઓ છો રે લોલ ?
અમે ગોકુળથી આવ્યા, મથુરાં જાવું છે રે લોલ.

આવો બેસો કદમ્બ કેરી છાંયડી રે લોલ.
થાક લાગ્યો હોય તો ઉનાં પાણી મેલીયે રે લોલ,
તરશ લાગી હોય તો ટાઢાં પાણી લાવીયે રે લોલ,
ભૂખ લાગી હોય તો સુખડું મંગાવીયે રે લોલ,
સુખડાં ન ભાવે તો મીઠા મેવા લાવીયે રે લોલ,
મેવા ન ભાવે તો વનફળ વેઠાવીયે રે લોલ.

વનફળ પાકયા વિના કાચાં નવ વેઠીયે રે લોલ,
કાચાં વેઠીયે તો અવગુણ ઉપજે રે લોલ.

રંગત બાજોઠ ઢળાવ્યા રૂડા ચોકમાં રે લોલ,
ચાર ભેરૂ ભળીને બેઠા રમવા રે લોલ.

લોબડી

રે ખેતર ખેડયાં, ભડીયારની બેટી ભાલડીયા.
રે વણુ વાવ્યાં, ભડીયારની બેટી ભાલડીયા.
રે વણુ ઢુંઢયાં, ભડીયારની બેટી ભાલડીયા.
રે કપાસ લોઢયા, ભડીયારની બેટી ભાલડીયા.
રે રૂ પીંખ્યું, ભડીયારની બેટી ભાલડીયા.

કાંતીશ કાંતીશ કોકડી રે, રંગ લોબડીયા;
ચોમાસે કાંતીશ શેર, રંગ જો લોબડીયા.

માથે તે લીધી રંગ લોબઠી, રંગ છે લોબઠીયા;
હું ચાલી વણારા ઘેર, રંગ જો લોબઠીયા.

વણારો તે પોઢયો રંગઢોલીયે રે, રંગ લોબડીયા;
વણારી ઢોળે વાય, રંગ જો લોબડીયા.

બેસ તે બેસ મારી બેનડી, રંગ જો લોબડીયા;
તું શું શું વણામણ દઈશ? રંગ જો લોબડીયા.

હાથ વણામણ હાથીયો રે, રંગ લોબડીયા;
આ ગજ વણામણ ગામ, રંગ જો લોબડીયા.

ત્યાંથી તે લીધી રંગ લોબઠી, રંગ જો લોબઠીયા;
હું ચાલી રંગારા ઘેર, રંગ જો લોબડીયા.

રંગારો તો પોઢયો રંગઢોલીયે રે, રંગ લોબડીયા;
રંગારી ઢોળે વાય, રંગ જો લોબઠીયા.

બેસ તે બેસ મારી બેનડી, રંગ જો લોબડીયા;
તું શું શું રંગામણ દઈશ? રંગ જો લોબડીયા.

આ હાથ રંગામણ હાથીયો રે, રંગ લોબઠીયા;
આ ગજ રંગામણ ગામ, રંગ જો લોબડીયા.

ભાવાર્થ

નાગદમન—પા. ૧

[કાળિનાગ કાલિન્દી નદીના એક ધરામાં રહેતો ને બધું પાણી ઝેર ઝેર કરી મુકતો. ગોકુળના ગોવાળો ત્યાં રોજ ચારવા આવતા. ગોવાળોને અને જનાવરોને બચાવવા કૃષ્ણે નાગને નાથ્યો ને દૂર મુકી આવ્યા. આવાં તો કેટલાંયે જોખમનાં કામ કૃષ્ણે બાળપણમાં કર્યાં હતાં.]

નાગદમન—નાગને વશ કરવો તે.
જળકમળ—કાલિન્દીનો કમળ-વાળો ધરો.
કોડીલો—લાડઘેલો.
કોડામણો—રમતીયાળ.

કૃષ્ણ-સુદામાની ભેટ—પા. ૪

[કૃષ્ણ અને સુદામા એ ગુરુબન્ધુ હતા અને ઉજ્જયિનીમાં સાંદીપની ઋષિને ત્યાં નાનપણમાં તેઓ ભણતા. મોટા થયા પછી શ્રીકૃષ્ણ દ્વારકાના દરબારમાં કર્તાહર્તા થયા. સુદામા તેમની સુદામાપુરીમાં (પોરબંદરમાં) દરિદ્ર હાલતમાં રહેતા હતા આ કવિતામાં વૃદ્ધ સુદામા પોતાના જુના મિત્રને મળવા ગયા છે.]

શામળીયો—કૃષ્ણ શામળા હતા તેથી.
પેર—રીત
ત્રણે ભ્રાત—કૃષ્ણ સુદામા એ, અને ત્રીજા બળરામ.
સાથરે—પથારીએ.
પાછલી રાતના—પરોઢીયામાં ચાર વાગે.
જાચવા—માગવા
મુન્ય—મુનિ
અરીષ્ટ—સૂર્ય
સ્કંધે—ખભે

ખોડ—લાકડાનું થડીયું
ઘન—વરસાદ
મૂશળધાર—સાંબેલા જેવડી ધારે
તતખેવ—તત્ક્ષણ
સપ્ત પાતાળ—૭ પાતાળઃ (૧ અતલ, ૨ વિતલ, ૩ સુતલ, ૪ રસાતલ ૫ તલાતલ, ૬ મહાતલ, ૭ પાતાલ.)
સંયમની—યમરાજાની

વળામણું—પા. ૭

[નળરાજા જુગાર રમ્યા ને હાર્યા. હારે તો રાજપાટ ડૂલ એવી હોડ બકયા હતા. રાજા વનમાં જાય છે. રાણી દમયન્તી પણ સાથે થયાં છે. બે બાળકો હતા તેમને રાણી મોસાળ વળાવે છે.]

બાહુઆં—બેટાઓ
નંમાયાં—મા વિનાનાં
દોહ્યલાં—અઘરાં
દામણાં—દયામણાં
પેટને—પેટનાં બાળકને

ચંદા—પા. ૯

[ચંદ્રમા એ નાની રમતીયાળ છોકરી છે. ઘડીમાં આપણી સામે જોઇને હસે, ઘડીમાં નદીમાં ન્હાય, રાતે રમે ને દિવસે સંતાઇ જાય, ઝાડની ડાળોમાં હીંદોળા ખાય. એવી રૂડી ચંદાબ્હેન જોડે કોને રમવું ન ગમે ?]

ચંદા—ચંદ્રમા | તરુમાં—ઝાડમાં

ફરીયાદ—પા. ૧૦

[શ્રીકૃષ્ણ નાના હતા ત્યારે બહુ તોફાની હતા. એક વાર કોઇ ગોવાળણના ઘરમાં ઘૂસીને બિચારીનું દહીંદૂધ બધું ઢોળી ફોડી નાખ્યું. ગોવાળણ યશોદા માતાને ફરીયાદ કરવા આવી છે.]

લાલ—કુંવર | માંકડલાં—વાંદરા જેવા
સુતનાં—તમારા કુંવરનાં | ગોવાળીયાના છોકરા
દધિમાંટ—દહીંની દોણી
દીજે—દઇએ | મહી—દહીં

ભાઈ ને બ્હેન—પા. ૧૧

રેન—રાત

હાલરડું—પા. ૧૫

ઘુંમણુ—હીંચકો

દેશભક્તની યાચના—પા. ૧૬

[કોઇ કહેશે, કેવી ગાંડી કવિતા! ભરતભૂમિના પુત્રો ભરતભૂમિનો જયજયકાર વરતાવે એ તો ઠીક. પણ બિચારા પર્વતો

અને નદીઓનું શું ગજું ? પણ કોઇને પૂછી જોજો કે ગંગા મૈયાએ આપણી ભરતભૂમિનો જયજયકાર વરતાવ્યો એટલો ભરતભૂમિની કઈ પુત્રીએ વરતાવ્યો ? અને ખખડધજ હિમાલયે વરતાવ્યો તેટલો કયા પુત્રે વરતાવ્યો ?]

ઉન્નત—ઉંચા

સ્વદેશપ્રીતિ—પા. ૧૮

[પરદેશમાં ખુબ ભટકતો હોય, ક્યાંયે જાણીતા માણસો અને જાણીતા દેખાવો જોવા ન પામતો હોય, તેને સ્વદેશની ખરી કિંમત સમજાય. પાંચ સાત દહાડા ગામ જઇયે ત્યારે ઘર કેવું સાંભરે છે ? દરીયા પારના દેશોમાં જઇયે ત્યારે હિંદુસ્તાન પણ તેટલો જ સાંભરે અને તેટલો જ વહાલો લાગે.]

કો—કોણ

વિવેકી—ડાહ્યા લોકો

જયગાન—પા. ૨૦

[જયગાન કેવું મીઠું લાગે છે ? તમને મન થતું હશે કે સીપાઇઓના લશ્કરમાં ભળી જઇયે અને લડાઇ જીતીને ખાન પાન ગાન કરીયે. વારૂ, પણ તેમેયે મુઆં તેમની વાત છોડી ઠંડાં શરબત પીશો કે તેમને સંભારી ખમાણું-ઝુઝશો ?]

કવિ નર્મદાને ભેટ, કવિતા કરી ગાઇ—કવિ નર્મદ એક જ ભેટ ઇચ્છે છે : તેણે રચેલી કવિતા ગાઓ એને તે ભેટ જ સમજે છે.

વીર પુરુષ—પા. ૨૧

મદમાતા—પોતાના બળના અભિમાનવાળા

મુરાદિ—મુર આદિક દૈત્યો

નિઃશંક—કોઇનો ડર ન રાખનાર

વસુદેવસુત—કૃષ્ણ

કૃષ્ણાર્જુન—કૃષ્ણ તથા અર્જુન

રોળ્યા—ભોંય ભેગા કર્યા

શક યવનો—મધ્ય એશીયાના લોકો

<u>થઇ મરણીયાં ધસવું</u>—પા. ૨૨

[કુદી પડીને હસવું; હં. કુદી પડીને રડવું નહિ. કુદીશ ને વાગશે તો ? લડીશ ને મરી જઇશ તો ? એ વિચાર તો નબળાના. બહાદુર યોદ્ધા એમ ડરે નહિ.]

<u>કુંભકર્ણ</u>—પા. ૨૩

[રાવણે કુંભકર્ણને જગાડવાની આટલી આટલી યુક્તિઓ વાપરી. તમે રાવણ હોત તો તમે શી રીતે તમારા ભાઇને ઉઠાડત ?]

ભીડ—મુશ્કેલી
સોહાય—શોભે
અજા—બકરાં
મીઢ—મેંઢાં
મહીપ—પાડા
માતંગ—હાથી

નાના—જુદાંજુદાં
વાજ આવ્યો—કંટાળ્યો
મદ્ય—દારૂ
અંબાર—ઢગલો
મણિધર—નાગ

<u>કોયલ બ્હેનાં</u>—પા. ૨૫

[કોયલના ટહુકાર સાંભળવા હોય તો એક યુક્તિ છે; ધરાઇને સાંભળવા મળે. ‘ મીઠી કોયલડી મધુ બોલ રે ’ એમ કહીયે કે ‘ મારી કોયલ બ્હેનાં ’ કહીને બોલાવીયે એમાં કામ ન થાય. કોયલને એમ ખાત્રી થવી જોઇએ કે આપણે તેને કોયલ બ્હેનાં કહીયે છીયે તે ખોટાં લાડ જ નથી. એ ખાત્રી શી રીતે થાય ? એના જેવું આપણે પણ બોલીયે તો. કયાંક કોયલને ટહુકતી સાંભળો કે તરત તમારે પણ પાછળ પાછળ ટહુકવા માંડવુંઃ કૂઊ. કૂઊ. એ વળી જોરથી કહેશે કુઊ. પછી જોઇ લો, તમે થાકો છો કે તે.]

મધુ—મીઠું
મેઘ—વાદળાં
નભ—આકાશમાં

સવારનું વર્ણન—પા. ૨૬

[વહેલું ઉઠશે તેને કવિતામાં વર્ણન કર્યું છે તેવું તેવું જોવા મળશે. મોડા ઉઠનારાઓ કવિતા ગોખીને મોઢે કરી શકે, પણ એમાં શું વળ્યું? ખરી મોજ તો એ બધું જોવામાં છે. અને એ કંઈ વહેલા ઉઠયા વગર મળતી નથી. મોડા ઉઠનારાઓને મારી વિનંતિ છે કે આ બધો સ્વાદ ચાખી જોવા ખાતર થોડા દિવસ જરૂર વહેલા ઉઠી જોજો.]

એક પ્રવાસ—પા. ૨૭

[આ પ્રવાસનો અર્થ સમજી જાય તે ખરા. હું નહિ કહી દઉં!]

ખેડુત—પા. ૨૮

[ખેડુત જો જગતનો તાત, તો વણકર જગતનો કોણ? ખેડુત જગતને પાળે છે અને વણકર જગતને ઢાંકે છે.]

મધમાખી—પા. ૨૯

[મધમાખીનું મધ મીઠું લાગે એટલે એનાં વખાણ કર્યાં. પણ બધાં ઝીણાં જીવડાં તેના જેટલાં જ મ્હેનતુ હોય છે. કીડીને કોઈ દિવસ નવરી બેઠી જોઇ? માખીને નવરી બેઠી જોઇ? ભમરીને નવરી બેઠી જોઇ? અને ચકલી પણ ઓછી મ્હેનતુ નથી. વળી ઉંદરડી પણ કેટલી બધી કામાળી હોય છે!]

બળદ—પા. ૩૦

[ગાડામાં બેસો કે હળ હાંકો ત્યારે બળદની આ અરજ યાદ રાખજો. બિચારાની વાત સોળે સોળ આના સાચી છે.]

ઇશ્વરસ્તુતિ—પા. ૩૨

આપદાથી—સંકટથી
દિનાનાથ (દીનાનાથ)—ગરીબોનો બેલી
દાસદુઃખો—દાસનાં દુઃખો
પાળનારા-ટાળનારા—જીવાડનારા તેમજ મારનારા

માબાપના ગુણ—પા. ૩૪

ખાજ—ખાવાનું

સદ્‌વિદ્યા—પા. ૩૫

વીખ ઉતારણ વિત્તે—પૈસાથી જે અભિમાનનું ઝેર ચઢે છે તેને ઉતરાનારા
ઋદ્ધિ—વૈભવ

મહેનત વિષે—પા. ૩૬

થોકે થોકે—ઢગલાબંધ
અર્થનું—ખપનું
કાં—શા સારૂ

સપુત કોણ?—પા. ૩૭

અવનિમાં—પૃથ્વીમાં

કપુત કોણ?—પા. ૩૮

બોળે—ડુબાવે
છિદ્ર—છાની વાત

મોગરો ને કોચ—પા. ૩૯

ખાર—વેર

સર્વ સરખું નથી—પા. ૪૦

[કોઇ એક રાજાને શાણા પોપટે શિખામણ આપી છે તેની આ કવિતા છે.]

પટંતર—બાધિભરમે
ક્રોડે—કરોડે
પસાયતું—ખેતરોની રખેવાળી
ઇંધણાં—બળતણનાં લાકડાં
બાવના ચંદન—બાવનના કસ સુધીનાં (ઉત્તમ) ચંદન
સવાયે—પૈસે
હુતદ્રવ્ય—ઘી વગેરે
અમરે—સ્વર્ગનું
જોડલાં—ધણીધણીયાણી
પોબારાં ગણે—નાસી જાય
ઓદન—ભાત
અનેરાં—નવાં
ઉદ્ધ્વસ્ત—ખેદાનમેદાન
પરિયટ—ધોબી
પરીયા—બાપદાદાઓ
સુખપાલ—પાલખી
મેર—પહાડ જેટલું
ધોરી—બળદ
શ્રીકાર—ખાત્રીનું
જંત્ર—તંબૂરો
શાળ—શાળનો ચોખો
વાસે—વસાવે
કુંજમાં—ફૂલબાગમાં
સર્પણ—બળતણ

<u>દેવ</u>—પા. ૩૪

ભૂતળે—જમીન પર
ધરી—નાંખી
લઘુ—નાનું
પુંજમાં—ઢગલામાં
થોભે—અટકાવે

<u>નાકે ન મુકે</u>—પા. ૪૬

નાસવે—નાસવાથી
હાકેમ—રાજાનાં માણસ
ગ્રહ—આકાશના ગ્રહોની અસરથી પીડા થાય તે

<u>અદેખા વિષે</u>—પા. ૪૭

બંડારી—કોઠારી
નાવી—હજામ
જવાસો—એક જાતનો કાંટાળો છોડ

<u>જુઠું જગત</u>—પા. ૪૮

આભાસ—દેખાવ

વાણી—પા. ૪૯

વાધે—વધે
લાધે—મળે
વિમાસશો—વિચાર કરશો
છેદ—ઘા
વણસે—બગડે
ભાર તોલ—માન

કરી દેખાડવું—પા. ૫૧

ભાખવી—કહેવી

બોલ—પા. ૫૩

આપનો—પોતાનો

તારો—પા. ૫૫

[પાણીમાં તો સૌ તરે, પણ આકાશમાં કેમ તરાય? આપણે મુસાફરી કરીયે ને એક ગામથી બીજે ગામ જઇયે તેમ આકાશમાં પણ મુસાફરી કરી શકાય. પણ એ આંખોથી જ કરવાનું. આપણે પોતે તો ખુલ્લા આકાશ નીચે ખાટલો ઢાળીને પડયા રહેવાનું.]

ઉજળે નૂર—ઉજળા તેજ વાળો
વ્યોમ—વાદળ, આકાશ
કૌતુક-નજર—અચંબાની નજરે
સિન્ધુમાં—સમુદ્રમાં

હલેસાં—પા. ૫૭

[વહાણમાં બેઠા છીયે, દરીયો તોફાને ચડયો છે; વહાણ હાથ રહ્યું નહિ ને ખરાબે ચડયું. મનમાં મનમાં એ વહાણમાં આપણે બેસીયે ને આ કવિતા ગાતાં ગાતાં હલેસાં મારીયે.]

મરદો—માણસ
ધીંગા—જાડાં
નાખુદા—કમાન
નાંગર—લંગર
છિપાવો—કાંઠા તરફ લઈ જાઓ
જુઆળ—ભરતી

દશાનન—પા. ૫૮

[રાવણની પેઠે તમને દશ માથાંનું મન નથી થતું? પણ એમાં ચેતવા જેવું છે. દશે માથાં સંપીને રહ્યાં તો તો ઠીક; પણ જો

કોઈક વાર બાઝયાં તો મોટી પીડા આવી પડશે. તમારી પાસે એક જ લાડુ હોય ને માથાં તો દશ. કોને ખવડાવવો ને કોને ન ખવડાવવો ?]

(ભૂલથી 'દશાશન' છપાયું છે તેને બદલે 'દશાનન' જોઇએ.)

દશાનન—દશ મ્હોં વાળો રાવણ　　સુંદરીને—તેની રાણી મંદોદરીને

બાપાની પીપર—પા. ૫૯

[પીપરને કવિએ બહુ ચડાવી છે ખરી. પણ એ મુલક બાલનો છે. માથે ખરો તડકો તપતો હોય, ઝાડ દશ ગાઉમાંયે જોયું જડે નહિ, કૂવાનું ઠેકાણું નહિ; ત્યાં તો બાવળને પણ આંબો માનવો રહ્યો.]

રહી શિર રામકહાણી—માથે રામનાં જેટલાં દુઃખ પડયાં.
કંદબ—આ ઝાડ ઉપર કૃષ્ણ બહુ રમેલા
ઉતાપાની—તાપ
ફૂલ—કાંઠે
સુરતરુ—કલ્પવૃક્ષ
જાન્હવી—ગંગા નદી
કદળી તરુ—કેળ

જોવા જોગ જેવી ગુજરાત—પા. ૬૪

[ખરી મુસાફરી કરવાની તક આવશે ત્યારે કરીશું. હમણાં નકશા ઉપર તો મુસાફરી કરીયે જ.]

બેશ—ઉમદા
ઘરદિશે—ઘર તરફ
પ્રતિમા—મૂર્તિ
ઝૂમણાં—પગનું ઘરેણું

પોલું છે તે વાગે છે—પા. ૬૬

[પેલાની બિચારાની હિંમત ન ચાલી. નહિ તો શેઠના બરડામાં સાંબેલું વગાડવા માંડયું હોત તો ઠીક વાગત, નહિ ?]

સૂમ—અરસિક

કુહાડી—પા. ૬૭

મ્હેર—દયા

સુદામા ચરિત્ર—પા. ૬૮

[આ કવિતા જરૂર મ્હોડે કરજો. કોઇ કોઇ શબ્દ ન સમજાય તો ન સમજાય, પણ કેવી મજાની વાર્તા છે.]

અઘ—પાપ

મહીપતિ—રાજા

શક્ર—ઇન્દ્ર

પેરે પેરે—વારંવાર

પ્રમાણ—સમાન

ઉષ્ણોદકે—ગરમ પાણીએ

પદસેવ—પગચંપી કરતા

અજ—રાજાનું નામ છે.

ત્રિગુણને—દેવતાઓને

અર્કની—સૂર્યની

સકલ—સઘળી

કાન્તિ—તેજ

તિમિર—અંધારૂં

તાંદુલ—ચોખા

તારુણી—સ્ત્રી

શશિ—ચંદ્ર

દધિસુતા—સમુદ્રની પુત્રી-લક્ષ્મી

હળધર—કૃષ્ણના મોટા ભાઇ, બળરામ

અંબરીષ—રાજાનું નામ છે

આજ—'અજ' જોઇએ

સપ્ત નવ—૭+૯=૧૬

રજનિ—રાત્રિ

દર્મી સાપ ને ઉઘમી ઉંદર—પા. ૮૦

પરવરે—ચાલે

ગોરસ—દહીં દૂધ

અદકેરો—વધારે

તુણવત—તણખલા સમાન તુચ્છ

મુષકને—ઉંદરને

પડઘા વિષે—પા. ૮૨

['તું તું, મુજને મુજને' આ બેવડા શબ્દો પડઘાના છે. સિંહ કહે છે 'તું'; પડઘો સામો કહે છે 'તું'. સિંહ કહે છે 'મુજને'; પડઘો સામો કહે છે. 'મુજને' વગેરે]

પ્રતિઘોર—પડછંદો

અવર—બીજો

પસ્તાવો—પા. ૮૪

અટકીઆળ—અટકચાળા

માનનીનું—બાઇનું

નહિતર મારૂં કરત જ કામ—નહિ તો મને મારી નાખત

કલ્પાંત—રોકકળ

શિક્ષા—શિખામણ

ધસવે—ધસ્યે

વિમાસણ—પસ્તાવો

સાહસ—વગર વિચારે

બગલાની વાર્તા—પા. ૮૭

[આ બગલાને પાછળથી એક માથાનો મળ્યો. એક દિવસ એક કરચલાનો વારો આવ્યો. તેને ખાંધે લઇને બગલો ઉડતો હતો. તેનો વડ સામે દેખાવા લાગ્યો. બગલો જાણે કે હવે આ કરચલો બિચારો કયાં જવાનો છે? લાવ એને વાત કહી દઉં. તેણે વાત કહી. પણ પેલો કંઇ મચ્છ નહોતો. જાળવીને બગલાની ડોકને વળગી પડયો અને ડોક મરડીને તેને મારી નાંખ્યો.]

સરિતા—નદી

પરૂં—દૂર

ધણી—માલીક, રાજા

મનસા—ઇચ્છા

રાજબીજ—પા. ૯૧

અવધપતિ—અયોધ્યાના રાજા, રામ

કુંદનનો—સોનાનો

મેનામાં—પાલખીમાં

દરબારમાં કણબી—પા. ૯૫

હેવાન—ઢોર જેવો

દુંદને—પેટને

સમીપે—પાસે

દુજી—બીજી

દેવતા—આગ

પાચ્છાનો—પાદશાહનો

ચારે—'ચોરે' જોઇએ

જુગતિ—યુક્તિ

કહ્યું—'કહું' જોઇએ

ટેકચંદ શાહ—પા. ૯૯

[શેખસલ્લીએ પણ ઘીના ગાડવા ઉપર આવી જ ભારે આશા બાંધી હતી. કોઇનો ગાડવો ઉપાડીને જતો હતો. આ મજુરીના પૈસામાંથી બકરી લઇશ. બકરીમાંથી કમાણી કરીને ગાય લઇશ. ગાયમાંથી કમાણી કરીને—એમ કરતાં કરતાં ઘરબાર થાય છે, પોતે દુકાને બેઠા છે, તેવામાં છોકરો આવીને કહે છે, "બાપા જમવા ચાલો." શેખસલ્લી માથું ધુણાવે છે. પણ તેણે તો સાચે જ માથું ધુણાવ્યું ! ગાડવો પડી ગયો. ઘી ઢોળાઇ ગયું. પેલો ગાડવાવાળો ખીજાવા લાગ્યો. શેખસલ્લી કહે, "ભાઈ, તારો તો ગાડવો જ ફુટયો, મારી તો બધી આશા તુટી ગઈ."]

બિલોરી—કાચનો
સ્તબ્ધ—બાઘા જેવી

પશુઓનું પંચ—પા. ૧૦૧

પય—દુધ
ખલકમાં—જગતમાં
કરાર—નીરાંત
દરબાર—રાજા
ખર—ગધેડો

ઉંટ કહે—પા. ૧૦૪

[ઉંટ કહેશે કે બધાં કેવાં બેડોળ ! વાંદરો કહેશે બધાં કેવા અટકચાળાં ! કુતરૂં કહેશે બધાં કેવાં ખારીલાં !]

ભૂતળમાં—દુનીયામાં

પ્રાર્થના—પા. ૧૦૫

રહેમ—દયા
અહમેવ—જરૂર

કણજર કાકા—પા. ૧૧૨

[તમારી વાડીમાંથી કોઇ શાકભાજી રહી ગઈ હોય તો કણજર કાકાની જાનમાં જરૂર મોકલજો.]

માંજો—મજાનો
રાંધણપુર—રસોડું

લેલી—પા. ૧૧૪

સાસાં—સસલાં | વેઢ—ગોળના રવા
વેડલા—ઘીનાં કુડલાં.

ગોપીચંદનો રાસડો—પા. ૧૧૮.

નહિ રે વાદળ નહિ વીજળી—વરસાદનાં કંઈ ચિહ્‌ન દેખાતાં નથી ને માતાની આંખમાંથી આંસુનો વરસાદ ક્યાંથી વરસવા લાગ્યો ?

હાલરડું—પા. ૧૨૦

સૌરભ—સુગંધ.

મહેમાની—પા. ૧૨૧.

[આવા મહેમાન થવું કોને ન ગમે ? અને આવી મહેમાની કરવી પણ કોને ન ગમે ?]

લોબડી—પા. ૧૨૨

[ભડીયારની બેટી કેવી ઉદાર ! હાથ વણામણ હાથીયો આપી દીધો ને ગજ વણામણ ગામ આપી દીધું ! પણ તેને ઠેકાણે તમે હો તો એટલા જ ઉદાર થાઓ. હાથે કાલાં ઉતાર્યાં હોય, પોતાને જ હાથે કપાસ લોઢયો હોય, પોતે જ કાંત્યું હોય, પછી એ સૂતર કેટલું વ્હાલું લાગે ! તમારી પાસે હાથી હોય તો તમને યે હાથ વણામણ હાથીયો આપવાનું મન થઈ જાય.]

પહેલી લીટીઓનું

કક્કાવારી સાંકળીયું

બન્દે માતરમ્
સુજલામ્ સુફલામ્ મલયજશીતલામ્
શસ્યશ્યામલામ્ માતરમ્
બન્દે માતરમ્

*

સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા,
હમ બુલબુલેં હૈ ઉસ કી, વહ ગુલિસ્તાં હમારા.

*

બુલબુલ અગર હૈં હમ તો વહ હૈ ચમન હમારા.
તન હો કહીં, વહીંપર રહતા હૈ મન હમારા;
પ્યારા વતન હમારા, પ્યારા વતન હમારા.

*

ભારત હમારા દેશ હૈ, હિત ઉસ કા નિશ્ચય ચાહેંગે,
ઔર ઉસકે હિત કે કારણ, હમ કુછ ન કુછ કર જાયેંગે.

નવજીવન મુદ્રણાલય—અમદાવાદ